
# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૨૪

## પંચ સૂત્ર અર્થ સહિત તથા શક્રસ્તવ




: પ્રેરક :

પૂ. મુનિ અમિતયશ વિજયજી મ.સા.

પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા.
ના આજ્ઞાવર્તીની
પૂ.સા. શ્રી સુદક્ષાશ્રીજી મ.સા.
પૂ.સા. શ્રી વિચક્ષણાશ્રીજી મ.સા.
તથા
પૂ.સા. શ્રી દિવ્યગિરાશ્રીજી મ.સા
ની પ્રેરણાથી જ્ઞાનખાતાની
રકમમાંથી છપાયેલ છે.

ગૃહસ્થોએ ૧૦ રૂા.
જ્ઞાનની પેટીમાં રાખીને
ઉપયોગ કરવા વિનંતી.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

શ્રી પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન

કલાપૂર્ણસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

કલાપૂર્ણ સ્વાધ્યાય

૨૪

# પંચ સૂત્ર અર્થ સહિત તથા શક્રસ્તવ

: દિવ્યાશિષ દાતા :

પ. પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ. મ. સા.

: શુભાશિષદાતા :

પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભ સૂ. મ. સા.

: સંપાદક :

મુનિ અમિતયશ વિજય મ.સા.

દ્વિતીય આવૃત્તિ પંચસૂત્ર ૨૦૬૪

સહાયક સેવાભાવી પૂ. મુનિ શ્રી આગમયશ વિ. મ.

નકલ : ૧૦૦૦ મૂલ્ય : રૂા. ૧૦-૦૦

**પ્રકાશન**

**શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ મદ્રાસ**

**શ્રી શંખેશ્વર કલા ભક્તિ જૈન મંડળ શંખેશ્વર**

## પ્રાપ્તિ સ્થાન

| | |
|---|---|
| **મહાવીર જૈન ઉપકરણ ભંડાર**<br>**દિનેશભાઈ મણીયાર**<br>યાત્રિક ભવન ધર્મશાળા<br>પાસે, શંખેશ્વર | **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**<br>**ગીરીશભાઈ પી. કોઠારી**<br>ભોજન શાળાની બાજુમાં,<br>શંખેશ્વર |
| **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**<br>**મહેન્દ્રભાઈ કોઠારી**<br>તળેટી રોડ, પાલીતાણા | **નવનીતભાઈ મહેતા**<br>૧૦, ન્યુ ફ્લાવરકુંજ સોસા.,<br>ફતેપુરા, પાલડી, અમદાવાદ |

**મુદ્રક : વિરલ ટ્રેડર્સ**

૧૦, ન્યુ ફ્લાવરકુંજ સોસાયટી, ફતેપુરા, પાલડી, અમદાવાદ

# પ્રસ્તાવના

## સ્વાધ્યાય એ જ પરમ આધાર

જીવનમાં સ્વાધ્યાયની લગની બહુ જ જરૂરી છે. સતત સ્વાધ્યાય કરવાથી મનમાં શુભ ભાવ પેદા થાય છે. શુભ ભાવ વડે આત્માને ઘણો લાભ થાય છે. સ્વાધ્યાય કરવાથી પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે. વર્તમાનમાં પણ અનેક આત્માઓ સ્વાધ્યાય કરીને જીવનને ધન્ય બનાવી રહ્યા છે. આ કલાપૂર્ણ સ્વાધ્યાયની નાની બુકમાં પંચસૂત્ર શકસ્તવ ગૌતમ અષ્ટક અને શત્રુંજય લઘુ અર્થ સહિત આપવામાં આવેલ છે.

આરાધક વર્ગને ખૂબ જ ઉપયોગી બને.

આધોઈ જૈન ઉપાશ્રય — એ જ મંગલ ભાવના

૨૦૬૪ માહા સુદ ૫ — **મુનિ અમિતયશ વિ.**

# ભક્તિ ગીત

રંગ લાગ્યો રંગ લાગ્યો, રંગ લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે,
અમને લાગ્યો તમને લાગ્યો, સહુને લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
નાનાને લાગ્યો મોટાને લાગ્યો, સહુને લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો રંગ લાગ્યો રે,
જ્ઞાનનો લાગ્યો તપનો લાગ્યો, ભક્તિનો લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
શ્રાવકને લાગ્યો શ્રાવિકાને લાગ્યો, પૂજારીને લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
કચ્છમાં લાગ્યો વાગડમાં લાગ્યો ગુજરાતમાં લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે,
મુંબઈમાં લાગ્યો અમદાવાદમાં લાગ્યો ચકાલામાં લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
રંગ લાગ્યો રંગ લાગ્યો, રંગ લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.

# પંચસૂત્ર

ણમો વીયરાગાણં, સવ્વણ્ણૂણં,
દેવિંદપૂઈઆણં, જહટ્ઠિઅવત્થુવાઈણં
તેલુક્કગુરૂણં
અરિહંતાણં ભગવંતાણં

## ★ મંગલ ★

હે વીતરાગ, સર્વજ્ઞ ભગવંત !
હે દેવેન્દ્રોથી પૂજિત કૃપાલુ-દેવ !
હે સત્યવક્તા પરમેશ્વર !
હે ત્રણ લોકના પરમગુરૂવર !
હે આંતરશત્રુ-વિજેતા અરિહંત !
હે સર્વોત્કૃષ્ટ ભાગ્યના સ્વામી ભગવંત !
આપના ચરણોમાં ભાવભર્યા હૈયે હું વંદન કરૂં છું.

જે એવમાઈક્ખંતિ

ઈહ ખલુ

અણાઈ જીવે

અણાઈ જીવસ્સ ભવે

અણાઈ કમ્મસંજોગનિવ્વત્તિએ

દુઃક્ખરૂવે, દુઃક્ ખફલે દુઃક્ ખાણુબંધે

## ★ સંસાર-સ્વરૂપ ★

શ્રી પરમકૃપાળુદેવો ફરમાવે છે :

હે ભવ્ય-જીવો ! આ ત્રણ અનાદિ બરાબર ધ્યાનમાં લો.

(૧) જીવ ક્યારેય ઉત્પન્ન થયો નથી. તે અનાદિ છે.

(૨) તેના અનંત ભવો થઈ ગયા, તેમની પણ શરૂઆત નથી. તેનો સંસાર અનાદિ છે.

(૩) જીવનના આ અનાદિ-સંસારનું કારણ જીવ અને કર્મનો સંબંધ છે. તે અનાદિથી છે. એટલે કે તેનું જે જગત છે તે અનાદિ છે.

ઓહ ! આ સંસાર -

(૧) દુઃખમય છે. (૨) તેના ભોગવટાનું ફળ દુઃખ છે. (૩) વળી એ દુઃખોની પરંપરા ચાલુ જ રહ્યા કરે છે.

**એઅસ્સ ણં વુચ્છિત્તિ**

**સુદ્ધધમ્માઓ**

**સુદ્ધધમ્મસંપતિ**

**પાવકમ્મવિગમાઓ**

**પાવકમ્મવિગમો**

**તહાભવ્વત્તાઈભાવઓ**

જેણે આ દુઃખમય સંસારમાંથી છૂટી જવું હોય તેણે શુદ્ધ ધર્મ (નિશ્ચય-ધર્મ)ની આરાધના કરવી. શુદ્ધધર્મની આરાધના પાપકર્મોના વિનાશથી જ શક્ય છે. પાપકર્મોનો વિનાશ તથાભવ્યત્વ નામના ભાવને પકવવાથી થાય છે.

**તસ્સ પુણ વિવાગસાહણાણિ**

**ચઉસ રણગમણં**

**દુક્કડગરિહા**

**સુકડાણ સેવણં**

**અઓ કાયવ્વમિણં હોઉકામેણં**

**સયા સુપ્પણિહાણં**

**ભુજ્જો ભુજ્જો સંકિલેસે**

**તિકાલમસંકિલેસે**

આ તથા ભવ્યત્વને પકવવાના ત્રણ રસ્તા છે.

૧. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ.

૨. પોતે કરેલાં પાપોની ભરપૂર નિન્દા-ગર્હા.

૩. યથાશક્તિ સુકૃત-સેવન અને જગતના સર્વસુકૃતોની ભારોભાર અનુમોદના.

જ્યારે ચિત્તમાં સંક્લેશ હોય ત્યારે આ ત્રણ (સુપ્રણિધાનો) નું વારંવાર સેવન કરવું અને ચિત્તની શાન્ત અવસ્થામાં ય રોજ ત્રણ વાર તો અવશ્ય સેવન કરવું.

જાવજ્જીવં મે ભગવંતો
પરમતિલોગનાહા
અણુત્તરપુણ્ણસંભારા
ખીણરાગદોસમોહા
અચિંતચિંતામણિ
ભવજલહિપોઆ
એગંતસરણા
અરિહંતા સરણં

## ★ અરિહંત-શરણ ★

હે પરમકૃપાળુ ભગવંત !
હે ત્રણ લોકના સર્વોત્કૃષ્ટ સ્વામી !
ઓ, પ્રચંડ પુણ્યની ખાણ !
ઓ, રાગ, દ્વેષ અને અજ્ઞાનના વિજેતા !
હે અચિન્ત્ય ચિન્તામણિરત્ન !
મારા સંસાર-સાગરની નાવ !

મારા માટે એકાન્ત શરણભૂત !
હે અરિહંત !
હું આપનું ભાવભર્યું શરણ સ્વીકારું છું.

**તહા**
**પહીણજરમરણા**
**પણટ્ઠવાબાહા**
**કે વલનાણદંસણા**
**સિદ્ધિપુરનિવાસી**
**નિરૂવમસુહસંગયા**
**સવ્વહા કયકિચ્ચા**
**સિદ્ધા સરણં**

## ★ સિદ્ધ-શરણ ★

હે સિદ્ધ-ભગવાન ! કેવા કમાલ છો આપ ! આપે ઘડપણને અને મરણને તો મૂળમાંથી ઉખેડી નાંખ્યાં !

કર્મનું કલંક તો ધોઈને સાફ કરી નાંખ્યું.
આપની તો બધી જ શારીરિક વગેરે બાધાઓ
નષ્ટ થઈ ગઈ.
કેવલજ્ઞાન અને કેવલદર્શનના આપ માલિક !
સિદ્ધિનગરીના આપ નાગરિક ?
અનુપમ સુખના આપ ભોક્તા !
અત્યન્ત કૃતકૃત્ય !
આપના ચરણોમાં મારૂં મસ્તક ઝુકાવું છું.

**તહા પસંતગંભીરાસયા**
**સાવજ્જ જોગવિરયા**
**પંચવિહાયારજાણગા**
**પરોવયારનિરયા**
**પઉમાઈનિદંસણા**
**ઝાણજ્ઝયણસંગયા**
**વિસુજ્ઝમાણભાવા**
**સાહૂ સરણં**

## ★ સાધુ-શરણ ★

જેમનું ચિત્ત પ્રશાન્ત અને ગંભીર છે,
જેઓ તમામ પાપ-યોગોથી દૂર હટી ગયા છે,
જેઓ પંચાચારના જાણકાર છે,
જેઓ પરોપકારમાં પરાયણ છે,
કમલ વગેરેની અર્થગંભીર ઉપમાઓને જેઓ
અત્યંત યોગ્ય છે,
ધ્યાન અને અધ્યયનમાં જેમનું જીવન
રસતરબોળ છે,
જેમની ભાવ-શુદ્ધિ સતત ઊછળતી રહે છે,
તે સાધુ-ભગવંતો મારૂં સદા શરણ હો.

**તહા**

**સુરાસુરમણુઅપૂઈઓ**
**મોહતિમિરંસુમાલી**
**રાગદોસવિસપરમમંતો**
**હેઉ સયલ કલ્લાણાણં**

કમ્મવણવિહાવસુ
સાહસો સિદ્ધભાવસ્સ
કેવલિપણત્તો ધમ્મો
જાવજ્જીવં મે ભગવં સરણં

## ★ ધર્મ-શરણ ★

હે ધર્મ-માતા !
દેવો, અસુરો અને માનવોએ તારી પૂજા કરી.
અજ્ઞાનરૂપી અંધકાર માટે તો તું સાક્ષાત્ સૂર્ય જેવી.
રાગ, દ્વેષના કાતિલ ઝેરનો ખાત્મો બોલાવવામાં
તું સાક્ષાત્ મન્ત્રશક્તિ જેવી સઘળા ય જીવોના
કલ્યાણની તું જનની !
કર્મોના અડાબીડ જંગલને પળમાં જલાવી દેતી
તું અગ્નિ-દેવી !
સિદ્ધપદની તું દાયિકા !
કેવલી-ભગવંતોના મુખે ચડેલી તું મહામાંગલિકા !
ઓ ભગવતી ! તારી ગોદમાં મારો સદા નિવાસ હો !

સરણમુવગઓ અ એએસિં
ગરિહામિ દુક્કડં
જણ્ણં
અરિહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા,
ઉવજઝાએસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા,
અન્નેસુ વા ધમ્મટ્ઠાણેસુ
માણણિજ્જેસુ
પૂઅણિજ્જે સુ

દુષ્કૃત-ગર્હા

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મમાતાને શરણાગત બનેલો હું હવે મારા દુષ્કર્મોની નિંદા કરૂં છું.

તે આ રીતે :

અરિહંતો, સિદ્ધ-ભગવંતો, આચાર્ય-દેવો ઉપાધ્યાયજીઓ, સાધુ અને સાધ્વીજી મહારાજાઓ. અરે ! બીજા પણ અત્યંત માનનીય અને પૂજનીય ગુણાધિક સજ્જન લોકો.

તહા

માઈસુ વા, પિઈસુ વા, બંધુસુ વા,
મિત્તેસુ વા, ઉવયારીસુ વા,
ઓહેણ વા જીવેસુ,
મગ્ગસાહણેસુ
અમગ્ગસાહણેસુ

વળી પૂજનીય માતાજી અને પિતાજી
ભાઈઓ અને મિત્રો મારા ઉપકારી સ્વજનો
અને સ્નેહીજનો ! રે ! કેટલાકને યાદ કરૂં ?
સમ્યગદર્શનાદિ મોક્ષમાર્ગ ઉપર કે તે માર્ગો નહિ
ચાલતા સઘળા ય જીવો...
તે માર્ગના સાધનભૂત બનતાં પુસ્તક વગેરે
ઉપકરણો અને તે સન્માર્ગના સાધનભૂત નહિ
બનતાં તલવાર વગેરે અધિકરણો....

જંકિંચિ
વિતહમાયરિયં
અણાયરિઅવ્વં
અણિચ્છિઅવ્વં
પાવં પાવાણુબંધિ
સુહુમં વા, બાયરં વા,
મણેણ વા, વાયાએ વા, કાએણ વા,
કયં વા, કારાવિણં વા, અણુમોઈઅં વા,
રાગેણ વા, દોસેણ વા, મોહેણ વા,
ઈત્થ વા જન્મે જન્મંતરેસુ વા

આ તમામ ચેતન અને જડ તત્વો પ્રત્યે મારાથી કાંઈ પણ અવિધિ, આશાતના વગેરે વડે કે દ્વેષાદિ કરવા પડે ન આચરવા જેવું આચરાઈ ગયું હોય, ન ઈચ્છવા જેવું મનથી વિચારાઈ ગયું હોય,

હા.... કોઈ પણ તેવું પાપ -

પાપોની પરંપરાને પેદા કરી દે તેટલું તીવ્ર,
નાનું કે મોટું,
મનથી, વચનથી, કે કાયાથી
કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય,
આ જન્મમાં કે મારા અનંતા પૂર્વ જન્મોમાં

**ગરહિઅમેઅં, દુક્કડમેઅં, ઉજ્ઝિઅવ્વમેઅં,**
**વિઆણિઅં મએ**
**કલ્લાણમિત્તગુરૂભગવંતવયણાઓ**
**એવમેઅં તિ**
**રોઈઅં સદ્ધાએ**
**અરિહંતસિદ્ધસમક્ખં ગરિહામિ**
**અહમિણં**
**દુક્કડમેઅં ઉજ્ઝિઅવ્વમેઅં**
**ઈત્થ મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં**
**મિચ્છા મિ દુક્કડં.**

એ બધું (પાપ) ખરેખર ધિક્કારવા યોગ્ય છે, એમારૂં કુકર્મ છે, અને મારે છોડવું જ જોઈએ. હા... મારા કલ્યાણમિત્ર ! મારા તરણતારણહાર ગુરૂદેવ ! એમના પવિત્ર વચનોથી જ મને આ વાત સમજાઈ છે. હવે તો મારી શ્રદ્ધાથી પણ મને આ વાત બરોબર જચી ગઈ છે. એટલે જ હે અરિહંત દેવ ! હે સિદ્ધ ભગવંત ! હું મારા તે તમારા પાપોની ભારો ભાર નિંદા કરૂં છું. ખરેખર, તે કુકર્મો હતાં ! છોડી જ દેવા જેવા નીચ કૃત્યો હતાં ! અંતરના ય અંતરથી તે પાપોની હું માફી માંગું છું. પુનઃ માફી માંગું છું, ફરી માફી માંગું છું.

**હોઉ મે એસા સમ્મં ગરિહા**
**હોઉ મે અકરણનિયમો, બહુમયં મમેઅં તિ**
**ઇચ્છામો અણુસટ્ઠિં અરિહંતાણં ભગવંતાણં**

ગુરૂણં કલ્લાણમિત્તાણં ત્તિ
હોઉ મે એએહિં સંજોગો
હોઉ મે એસા સુપત્થણા
હોઉ મે ઈત્થ બહુમાણો
હોઉ મે ઈઓ મુક્ખબીઅં ત્તિ
પત્તેસુ એએસુ
અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ,
પડિવત્તિજુત્તે સિઆ, નિરઈઆરપારગે સિઆ

મારી આ દુષ્કૃતગર્હા એકદમ સાચી બને તે માટે હું જણાવીશ કે - મારી આ પાપ-નિંદા પશ્ચાતાપના તીવ્રભાવ સહિત થાઓ. વળી, હવે હું કદી પાપ કરૂ જ નહિ એવી મારામાં શક્તિ પેદા થાઓ. મારે હવે આવી જ સિદ્ધિ જોઈએ છે. આ માટે મને અરિહંત ભગવંતોની અને મારા કલ્યાણમિત્ર ગુરૂદેવની હિતશિક્ષા સતત મળતી રહે તેવી મારી અપેક્ષા છે.

આ માટે મને તે કૃપાલુઓનું સતત સાન્નિધ્ય મળી રહો. તેમના સતત સાન્નિધ્યની મારી આ પ્રાર્થના એકદમ સાચી બની રહો. આ પ્રાર્થના મને ખૂબ જ વહાલી બની રહો. આ પ્રાર્થના મારી આત્મામાં મોક્ષ પામવાના ફળનું બીજ બની રહો. જેવું મને આ અરિહંત-ભગવંત અને કલ્યાણમિત્ર ગુરૂ દેવનું સાન્નિધ્ય મળી જશે કે હું તેમની અદ્‌ભુત સેવાને યોગ્ય બનવા તૈયાર થઈશ. તેમની આજ્ઞાઓને ઝીલવાનું સુપાત્ર બનીશ. અને પછી તેમની આજ્ઞાઓને કોઈ પણ અતિચાર વિના સેવીને પાર પામી જઈશ.

**સંવિગ્ગો**
**જહાસત્તીએ**
**સેવેમિ સુક્ક ડં**
**અણુમોએમિ**

સવ્વેસિં અરિહંતાણં અણુટ્ઠાણં,
સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં,
સવ્વેસિં આયરિયાણં આયારં.

## ★ સુકૃતાનુમોદના ★

(અત્યંત ભાવવિભોર બનીને આપણા આત્માએ દુષ્કૃતોની ગર્હા કરી. આથી પાપના ભારથી હળવો થઈને પ્રસન્ન બનેલો એ આત્મા હવે જગતના સુકૃતોની અનુમોદનારૂપ સેવન કરે છે.)

મોક્ષનો અભિલાષી બનેલો હું હવે મારી પૂરી શક્તિ લગાવીને જગતના સુકૃતોની અનુમોદના કરવાના સુકૃતને સેવું છું.

હે સકળ અરિહંત દેવો ! આપના ધર્મકથા વગેરે સુકૃતોની હું ભારોભાર અનુમોદના કરૂં છું.

હે સકળ સિદ્ધ ભગવંતો ! અવ્યાબાધ સ્વરૂપ આપના સિદ્ધત્વભાવના સુકૃતની ભરપેટ અનુમોદના કરૂં છું.

હે નિખિલ આચાર્યદેવો ! આપના પંચાચારપાલનાદિ અનેક સુકૃતોની હું ભાવભરી અનુમોદના કરૂં છું.

**સવ્વેસિં ઉવજઝાયાણં સુત્તપ્પયાણં,**
**સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં,**
**સવ્વેસિં સાવગાણં મુક્ ખસાહણજોગે,**
**સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં,**
**હોઉકામાણં, કલ્લાણાસયાણં**
**મગ્ગસાહણજોગે**

હે પૂજનીય ઉપાધ્યાયો ! શાસ્ત્રવિધિયુક્ત આપના જ્ઞાનદાનના સુકૃતની હું અંતરના અંતરથી અનુમોદના કરૂં છું. હે સકલ સાધુ ભગવંતો ! આપની મોક્ષપ્રાપક તમામ સાધુક્રિયાના સુકૃતની હું અનુમોદના કરૂં છું. હે

સકળ શ્રમણોપાસક શ્રાવકો અને શ્રાવિકાઓ ! આપના સાધુવૈયાવચ્ચ વગેરે મોક્ષના સાધનભૂત યોગોના સુકૃતોની હું અંતરથી અનુમોદના કરૂં છું. હે ઈન્દ્ર વગેરે સકળ દેવો ! હે નિર્મળ ચિત્તવાળા નિકટના મોક્ષગામી સઘળા ય મિથ્યાદૃષ્ટિ એવા પણ સરળ પરિણામી જીવો ! આપના પણ પરંપરાએ મોક્ષે પહોંચાડનારા તમામ કાર્યોની હું ભાવભરી અનુમોદના કરૂં છું.

**અચિંતસત્તિજુતા હિ તે ભગવંતો વીયરાગા,**
**સવ્વણ્ણુ, પરમકલ્લાણા**
**પરમકલ્લાણહેઉ સત્તાણં**
**મૂઢે અમ્હિ પાવે, અણાઈમોહવાસિએ**
**અણભિન્ને ભાવઓ**
**હિઆહિઆણં અભિન્ને સિઆ,**
**અહિઅનિવિત્તે સિઆ, હિઅપવિતે સિઆ,**

આરાહગે સિઆ, ઉચિઅપડિવત્તીએ
સવ્વસત્તાણં સહિઅંતિ
ઈચ્છામિ સુક્કડં, ઈચ્છામિ સુક્કડં, ઈચ્છામિ સુક્કડં

કેમકે બુદ્ધિ જ્યાં પહોંચી જ શકતી નથી તેવી અદ્ભુત શક્તિથી તે વીતરાગ, સર્વજ્ઞ, પરમકલ્યાણ સ્વરૂપ અરિહંત દેવો, સિદ્ધ ભગવંતો ભરપૂર છે. અરે ! તેમના માર્ગે બરોબર ચાલતા એવા આચાર્ય વગેરે સાધુ ભગવંતો પણ અમારા જીવોના પરમકલ્યાણમાં અત્યંત ઉપકારી છે. હું જ કેવો મૂઢ અને પાપી છું : અનાદિકાળના મોહના કુસંસ્કારોથી ખીચોખીચ ભરેલો છું કે આવા સાચા તત્વના પ્રરૂપકોને હું આજ સુધી ઓળખી પણ શક્યો નહિ.

ખેર... હું ઈચ્છું છું કે તે પરમ કૃપાળુઓના પ્રભાવથી હું મારા હિતનો અને મારા અહિતનો

જાણકાર બનું, પછી હું મારૂં જેમાં હિત છે તેમાં જોડાઈ જાઉં, અને મારૂં જેમાં અહિત છે તે બધું છોડી દઉં. એ રીત સર્વ જીવરાશિના સંબંધમાં જે જે ઉચિત હોય તેને આચરીને મારૂં હિત બરાબર આરાધું. બસ, હવે હું આ સુકૃતાનુમોદનરૂપ સુકૃતને જ ઈચ્છું છું, ઈચ્છું છું, ઈચ્છું છું.

**એવમેઅં સમ્મં**
**પઢમાણસ્સ, સુણમાણસ્સ,**
**અણુપ્પેહમાણસ્સ**
**સિઢિલીભવંતિ, પરિહાયંતિ, ખિજ્જંતિ**
**અસુહકમ્માણુબંધા**
**નિરણુબંધે વા અસુહકમ્મે ભગ્ગસામત્થે**
**સુહપરિણામેણં**
**કડગબદ્ધે વિ અ વિસે**
**અપ્પફલે સિઆ**

## સુહાવણિજ્જે સિઆ
## અપુણભાવે સિઆ

### ★ ઉપસંહાર : ફલવર્ણન ★

અરિહંતાદિ-શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાસેવનના પાઠરૂપ આ પહેલા પંચસૂત્રને અત્યંત ભાવપૂર્વક જે આત્મા રોજ ભણશે, તેને સાંભળશે, તેની ઉપર ઊંડું મંથન કરશે તેના અનંતા જન્મોના પાપસંસ્કારો ઢીલા પડી જશે. પાપકર્મો ક્ષીણ થઈ જશે. અરે ! સાવ નાશ પામી જશે. વળી જે કાંઈ પણ રસ-કસહીન અશુભ કર્મો બાકી રહી ગયા હશે તે પણ શુભ-પરિણામોની જોરદાર ધારાથી ભાંગીને તૂટી પડશે. મંત્રશક્તિથી ડંખ ભાગે ગારૂડીએ લાવી દીધેલું અને કડાથી બાંધી દીધેલું વિષ જેમ બળહીન બની જાય તેમ આ કર્મો બળહીન બનીને ખૂબ ઓછા કષ્ટને આપનારા અને

સહેલાઈથી દૂર કરી દેવાય તેવા અને પછી કદી ન બંધાય તેવા બની જશે.

તહા

**આસગલિજજંતિ, પરિપોસિજજંતિ,**
**નિમ્મવિજ્જંતિ, સુહકમ્માણુબંધા,**
**સાણુબંધં ચ સુહકમ્મં**
**પગિટ્ઠં પગિટ્ઠભાવજ્જિઅં નિયમફલયં**
**સુપઉત્તે વિ અ મહાગએ**
**સુહફલે સિઆ,**
**સુહપવત્તગે સિઆ**
**પરમસુહસાહગે સિઆ**

વળી આ પાઠનું મનન જેમ અશુભ કર્મો અને અશુભ સંસ્કારોને ખતમ કરે છે તેમ શુભ કર્મો અને શુભ સંસ્કારો (અનુબંધો)ને દૂર હોય તો નજીક ખેંચી

લાવે છે, તેમને તગડા બનાવે છે, સંપૂર્ણ બનાવે છે.

આ રીતે સાનુબંધ (પુણ્યની પરંપરા ચલાવનાર) બનેલા તે શુભ કર્મો પ્રકૃષ્ટપણાને પામે છે, તેથી જ અવશ્ય ફળદાતા બને છે.

કુશળ વૈદ્યે આપેલું વિધિવત્ ઔષધ કેવું સુંદર શરીર-બળ આપે ? તેજ રીતે આ શુભ કર્મો સુંદર ફળો આપે છે શુભમાં જ પ્રવર્તક બનાવે છે. આ રીતે પાપના અનુબંધો તૂટતા જતાં અને પુણ્યના અનુબંધો મજબુત થતાં જતાં તેઓ જીવને પરમસુખના પરમધામે પહોંચાડીને જ જંપે છે.

**અઓ**
**અપડિબંધમેઅં**
**અસુહભાવનિરોહેણં**
**સુહભાવબીઅંતિ**
**સુપ્પણિહાણં**

સમ્મં પઢિઅવ્વં

સમ્મં સોઅવ્વં

સમ્મં અણુપ્પેહિઅવ્વંતિ

★ એટલે જ હે પુણ્યવાન આત્માઓ ! ★

કોઈ પણ જાતની ભૌતિક સુખાદિની આકાંક્ષા રાખ્યા વિના તમે અશુભ અધ્યવસસાયોને નબલા કરી દેતાં અને શુભ ભાવનાઓની ધારાઓને આત્મામાં મજબૂત કરતાં જતાં આ પ્રણિધાન સૂત્રનો તમે -

ખૂબ સારી રીતે પાઠ કરજો.

તેને ખૂબ સારી રીતે સાંભળજો.

તેનું ખૂબ સારી રીતે મનન કરજો.

નમો નમિઅનમિઆણં પરમગુરુવીઅરાગાણં

નમો સેસનમુક્કારારિહાણં

જયઉ સવ્વણુસાસણં

પરમસંબોહિએ
સુહિણો ભવંતુ જીવા
સુહિણો ભવંતુ જીવા
સુહિણો ભવંતુ જીવા.

## ★ અંતિમ-મંગલ ★

દેવેન્દ્રોથી પણ નમન કરાયેલા પરમગુરુ એવા વીતરાગ દેવોને મારા કોટિ કોટિ વંદન.

સહુના હૈયે રહેલું (મોહરાજને પરાજય આપતું) સર્વજ્ઞનું શાસન જયવંતું નીવડો.

સર્વ જીવો મિથ્યાત્વ નામના મહાપાપને દૂર કરીને નિર્મળ સમ્યૂગદર્શનને પામીને સાચા આત્મસુખે સુખી થાઓઃ સુખી થાઓઃ સુખી થાઓઃ

## ★ શ્રી સિધ્ધસેનદિવાકરવિરચિતઃ ★

ૐ નમોઽર્હતે ભગવતે પરમાત્માને પરમજ્યોતિષે પરમ પરમેષ્ઠિને પરમવેઘસે પરમયોગિને પરમેશ્વરાય તમસઃ પરસ્તાત્ સદોદિતાદિત્ય વર્ણાય સમૂલોન્મૂલિતાનાદિસકલક્લેશાય ।૧।

## ★ ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હત્ને, ★

૧ ભગવંતને (સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યાદિથી યુક્તને)
૨ પરમાત્માને,
૩ કેવલજ્ઞાન રૂપ શ્રેષ્ઠ જ્યોતિમયને,
૪ પંચ પરમેષ્ઠીઓમાં શ્રેષ્ઠને,
૫ સર્વ વિદ્યાદિના પરમ જ્ઞાનને,
૬ ઉત્કૃષ્ટ યોગીને,
૭ પરમ ઐશ્વર્યના સ્વામીને,

૮ અજ્ઞાનરૂપ અંધકારથી પર થયેલાને,
૯ સદાય ઉદય પામેલા સૂર્ય જેવી કાંતિવાળાને
૧૦ અનાદિકાલીન સર્વ ક્લેશોનો-મૂળ સહિત
નાશ કરનારને. ૧.

ૐ નમોડર્હતે ભુર્ભુવઃ સ્વસ્ત્રયીનાથ મૌલિમન્દાર માલાર્ચિતક્રમાય સકલ પુરુષાર્થ યોનિ નિરવધવિદ્યા પ્રવર્તનૈકવિરાય નમઃ સ્વસ્તિ સ્વધા સ્વાહાવષડર્થૈકાન્ત શાન્ત મૂર્તયે ભવદ્ભાવિભૂત ભાવાવભાસિને કાલપાશનાશિને સત્વરજસ્તમો ગુણાતીતાય અનંતગુણાય વાડમનોગોચર ચરિત્રાય પવિત્રાય કરણકારણાય તરણતારણાય સાત્વિકદૈવતાય તાત્વિકજીવિતાય નિર્ગ્રન્થ પરમ બ્રહ્મહૃદયાય યોગીન્દ્ર પ્રાણનાથાય ત્રિભુવન ભવ્ય કુલ નિત્યોત્સવાય વિજ્ઞાનાન્દ પરબ્રહ્મૈકાત્મ્ય સાત્મ્ય સમાધયે હરિહર હિરણ્ય ગર્ભાદિ દેવતા

પરિફલિત સ્વરુપાય સમ્યક્ ધ્યેયાય સમ્યક્શરણ્યા
યસુસમાહિત સમ્યક્ સ્પૃહણીયાય ।૨।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૧૧ પાતાલ, પૃથ્વી અને સ્વર્ગ સ્વરૂપ ત્રણેય લોકના સ્વામી એવા ઈન્દ્રાદિના મુગટમાં રહેલી કલ્પવૃક્ષના પુષ્પોની માળાથી જેમના ચરણ પૂજાયેલા છે તેમને,

૧૨ સર્વ પુરુષાર્થોનું ઉત્પત્તિ સ્થાન એવી નિર્દોષ વિદ્યાઓને પ્રવર્તાવવામાં અદ્વિતીય વીરને,

૧૩ નમઃ, સ્વસ્તિ, સ્વધા, સ્વાહા અને વષટ્ના અર્થથી અત્યંત શાંત આકૃતિવાળાને,

૧૪ વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાલના સર્વ ભાવોનું પ્રકાશન કરનારને,

૧૫ મૃત્યુરૂપી બંધનનો નાશ કરનારાને,

૧૬ સત્વ, રજો અને તમો ગુણથી પર થયેલાને,

૧૭ અનંત ગુણોથી યુક્તને,

૧૮ વાણી અને મનથી અગમ્ય એવા વિશિષ્ટ ચરિત્રવાળાને,

૧૯ પવિત્રને,

૨૦ ધર્મ કરનાર અને કરાવનારને, અથવા ધર્મ કરવામાં કારણરૂપને,

૨૧ તરનાર અને તારનારને, અથવા સંસાર સાગરથી તારવા માટે જહાજ સમાનને,

૨૨ સાત્વિક દેવતાને,

૨૩ તત્વમય જીવન જીવનારાને,

૨૪ ગ્રંથીઓથી રહિત એવા વિશુદ્ધ આત્મસ્વરૂપના રહસ્યને પામેલાને,

૨૫ યોગીન્દ્રોના ભાવપ્રાણોનું યોગ-ક્ષેમ કરનારા નાથને,

૨૬ ત્રણ ભુવનમાં રહેલા ભવ્ય જીવોના સમૂહને માટે સદાય ઉત્સવ રૂપને,

૨૭ વિશિષ્ટ જ્ઞાન અને આનંદમય વિશુદ્ધ આત્મસ્વરૂપ સાથે એકરૂપ થયેલ આત્મહિતકર સમાધિવાળાને,

૨૮ વિષ્ણુ, શંકર, બ્રહ્મા આદિ દેવતાઓના સ્વરૂપને ધારણ કરનારાને, અથવા અન્ય દેવો વડે અજ્ઞાત સ્વરૂપવાળાને,

૨૯ સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્યને,

૩૦ સારી રીતે ધ્યાન કરવા યોગ્યને,

૩૧ સારી રીતે શરણ કરવા યોગ્યને,

૩૨ સુંદર સમાધિપૂર્વક સારી રીતે ઝંખવા યોગ્યને, અથવા સુંદર સમાધિને પ્રાપ્ત એવા યોગીઓ માટે ઝંખના કરવા યોગ્ય સ્વરૂપવાળાને. ૨.

ૐ નમોડર્હતે ભગવતે આદિકરાય તિર્થકરાય સ્વયંસંબુદ્ધાય પુરુષોતમાય પુરુષસિંહાય પુરુષવરપુંડરીકાય પુરુષવરગંધહસ્તિને લોકોતમાય

લોકનાથાય લોકહિતાય લોકપ્રદ્યોતકારણે લોકપ્રદીપાય શરણદાય દૃષ્ટિદાય માર્ગદાય બોધિદાય જીવદાય શરણદાય ધર્મદાય ધર્મદેશકાય ધર્મનાથકાય ધર્મસારથયે ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તિને વ્યાવૃતછદ્મ અપ્રતિહત સમ્યગ્જ્ઞાન દર્શનસદ્મને ।૩।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હત્‌ને,

૩૩ સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યાદિથી યુક્ત-ભગવંતને,

૩૪ ધર્મના આદિ કરનારાને,

૩૫ ચતુર્વિધ સંઘ રૂપી તીર્થની સ્થાપના કરનારાને,

૩૬ સ્વયં સમ્યક્ રીતે બોધ પામેલાને,

૩૭ પુરુષોમાં ઉત્તમને,

૩૮ પુરુષોમાં સિંહ સમાન પરાક્રમીને,

૩૯ પુરુષોમાં શ્રેષ્ઠ કમલ સમાનને,

૪૦ પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાનને,

૪૧ લોકમાં ઉત્તમને,
૪૨ ભવ્યાત્માઓ રૂપી લોકના યોગ-ક્ષેમ કરનારા હોવાથી નાથને,
૪૩ સર્વ જીવોને માટે હિતકારીને,
૪૪ લોકમાં પ્રદીપ સમાન પ્રકાશને,
૪૫ સૂર્યની માફક જગતના સર્વ ભાવોને પ્રકાશિત કરનારને,
૪૬ અભયદાનના આપનારને,
૪૭ સમ્યક્જ્ઞાન રૂપી દ્રષ્ટિને આપનારાને,
૪૮ મોક્ષદાતાને,
૪૯ સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગના આપનારને
૫૦ બોધિ અર્થાત સમ્યકત્વના દેનારને,
૫૧ ભાવ પ્રાણોરૂપ જીવિતના દેનારને,
૫૨ શરણના દેનારને,
૫૩ ધર્મના દેનારને,
૫૪ ધર્મના ઉપદેશકને,

૫૫ ધર્મના નાયકને,
૫૬ ધર્મરૂપી રથના સારથિને,
૫૭ ચાર ગતિનો અંત કરનાર ધર્મરૂપી શ્રેષ્ઠ
ચક્રને ધારણ કરનાર-ચક્રવર્તીને,
૫૮ છદ્મસ્થ અવસ્થાથી પર થએલાને,
૫૯ અસ્ખલિત એવા સમ્યક્ જ્ઞાન તથા સમ્યક્
દર્શનના સ્થાનભૂતને. ૩

ॐ નમોऽર્હતે જીનાય જાપકાય તીર્ણાય તારકાય બુદ્ધાય બોધકાય મુક્તાય મોચકાય ત્રિકાલવિદે પારંગતાય કર્માષ્ટ કનિષૂદનાય અધિશ્વરાય સંભવે જગત્પ્રભવે સ્વયંભુવે જીનેશ્વરાય સ્યાદ્‌વાદવાદિને સાર્વાય સર્વજ્ઞાય સર્વદર્શિને સર્વતીર્થોપનિષદે સર્વપાખંડમોચિને સર્વયજ્ઞફ્લાત્મને સર્વજ્ઞફ્લાત્મને સર્વયોગ રહસ્યાય કેવલિને દેવાધિદેવાય વિતરાગાય ।૪।

ૐ કાર પૂર્વ નમસ્કાર થાઓ, અર્હત્‌ને,

૬૦ રાગાદિ આંતર શત્રુઓના જીતનારાને,

૬૧ ઉપદેશ દ્વારા ભવ્ય જીવોને રાગાદિ આંતર શત્રુઓનો જય કરાવનારાને,

૬૨ સંસાર સમુદ્રથી તરી ગયેલાને,

૬૩ ભવ્યાત્માઓને સંસાર સાગરથી તારનારાને,

૬૪ સ્વયં બોધ પામેલાને,

૬૫ અન્ય જીવોને બોધ પમાડનારાને,

૬૬ કર્મબંધનોથી મુક્ત થએલાને,

૬૭ ભવ્ય જીવોને કર્મબંધનથી મુક્ત કરાવનારને,

૬૮ ભૂત-ભાવી-વર્તમાન રૂપ ત્રણેય કાળના જાણનારાને,

૬૯ સંસાર સાગરના પારને પામેલાને,

૭૦ આઠ કર્મોનો વિનાશ કરનારાને,

૭૧ પરમ ઈશ્વરને,

૭૨ સર્વ જીવોને સુખકારીને,

૭૩ જગતના પ્રભુને,
૭૪ પોતાની મેળે તીર્થંકર બનનારને અથવા કામદેવ સમાન રૂપવાળાને,
૭૫ સામાન્ય કેવલી આદિ જિનોમાં ઈશ્વર તુલ્યને,
૭૬ સ્યાદ્વાદ સિધ્ધાંતની પ્રરૂપણા કરનારને,
૭૭ સર્વ જીવોને માટે હિતકારીને,
૭૮ સર્વ ભાવોના જાણનારને,
૭૯ સર્વ ભાવોના જોનારાને,
૮૦ સર્વ તીર્થોના રહસ્યભૂતને,
૮૧ સર્વ મિથ્યામતોથી મૂકાવનારાને,
૮૨ સર્વ યજ્ઞોના (પૂજનોના) ફળસ્વરૂપને,
૮૩ સર્વજ્ઞપણાની કળાની યુક્તને,
૮૪ સર્વ યોગ સાધનાઓના રહસ્યભૂતને,
૮૫ કેવલજ્ઞાનથી યુક્તને,
૮૬ ઈન્દ્રાદિ દેવોના પણ દેવને,
૮૭ સર્વથા રાગ રહિતને ।૪।

ॐ નમોऽर्हते પરમાત્મને પરમાપ્તાય પરમકારુણિકાય સુગતાય તથાગતાય મહાહંસાય હંસરાજાય મહાસત્વાય મહાશિવાય મહાબોધાય મહા મૈત્રાય સુનિશ્ચિતાય વિગતદ્વન્દ્વાય ગુણાબ્ધયે લોકનાથાય જીતમારબલાય ।૫।

ॐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૮૮ પરમાત્માને,

૮૯ પરમ આપ્ત પુરુષને,

૯૦ પરમ કરુણાવંતને,

૯૧ સુંદર (સમ્યક્) જ્ઞાનવાનને, અથવા શુભ ગતિને પામેલાને,

૯૨ વિશિષ્ટ જ્ઞાનવંતને

૯૩ મહાન સંયમીને,

૯૪ સંયમીઓના સ્વામીને,

૯૫ મહા સત્વશાળીને

૯૬ મહા મંગલકારીને,
૯૭ મહાન બોધ આપનારને,
૯૮ સર્વોત્કૃષ્ટ મૈત્રીને ધારણ કરનારને,
૯૯ સારી રીતે નિશ્ચય કરનારાને,
૧૦૦ હર્ષ શોકાદિ દ્વન્દ્વોથી રહિતને,
૧૦૧ ગુણોના સાગરને,
૧૦૨ ભવ્ય જીવોના નાથને,
૧૦૩ કામદેવના સૈન્યને જીતનારાને. ૫

ૐ નમોઽર્હતે સનાતનાય ઉતમશ્લોકાય મુકુન્દાય ગોવિન્દાય વિષ્ણવે જીષ્ણવે અનંતાય અચ્યુતાય શ્રીપતયે વિશ્વરુપાય હૃષિકેશાય જગન્નાથાય ભૂર્ભુવઃ સ્વઃ સમુતારાય માનંજરાય કાલંજરાય ધ્રુવાય અજાય અજેયાય અજરાય અચલાય અવ્યાય વિભવે અચિન્ત્યાય અસંખ્યેયાય આદિકેશવાય આદિશિવાય મહાબ્રહ્મણે

પરમશિવાય એકાનેકાન્તસ્વરુપિણે ભાવાભાવવિવર્જીતાય અસ્તિનાસ્તિ દ્વયાતીતાય પુણ્યપાપ વિરહિતાય સુખદુ:ખવિવિક્તાય વ્યકતાવ્યક્ત સ્વરુપાય અનાદિ મધ્યનિધનાય નમોઽસ્તુ મુક્તિ શ્વરાય મુક્તિ સ્વરુપાય ।૬।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૧૦૪ શાશ્વત સ્થિતિને પામેલાને,

૧૦૫ ઉત્તમ યશને પામેલાને,

૧૦૬ જ્ઞાનાદિ ગુણરત્નોના ભંડાર અથવા મનુષ્યોમાં રત્ન સમાનને,

૧૦૭ છકાય જીવોનું રક્ષણ કરનાર મહાગોપને,

૧૦૮ મુક્તિરૂપી લક્ષ્મી માટે વિષ્ણુ સમાનને,

૧૦૯ સર્વત્ર જયને પામનારાને,

૧૧૦ અંત રહિત અવસ્થાને પામેલાને,

૧૧૧ પોતાના સ્વરૂપથી પતિત નહિ થનારાને,

૧૧૨ ચોત્રીસ અતિશયાદિ લક્ષ્મીના સ્વામીને,
૧૧૩ કેવલી સમુદ્‌ઘાત સમયે ૧૪ રાજલોક રૂપ
વિશ્વ જેવા સ્વરૂપવાળાને,
૧૧૪ ઈન્દ્રિયોના માલિકને,
૧૧૫ ત્રણે જગતના સ્વામિને,
૧૧૬ પાતાલ, પૃથ્વી અને સ્વર્ગના લોકોને સારી
રીતે તારનારાને
૧૧૭ માન કષાયનો ક્ષય કરનારને,
૧૧૮ મૃત્યુનો નાશ કરનારાને,
૧૧૯ ધ્રુવપદ-મોક્ષને પ્રાપ્ત કરનારાને,
૧૨૦ ફરી જન્મ નહિ પામનારાને,
૧૨૧ કોઈથી પણ ન જીતી શકાય તેવાને,
૧૨૨ વૃદ્ધાવસ્થાને નહિ પામનારાને,
૧૨૩ ચલાયમાન નહિ થનારાને,
૧૨૪ કદી પણ વ્યય-નાશ નહિ પામનારાને,
૧૨૫ જ્ઞાનગુણથી સર્વ વ્યાપકને,

૧૨૬ મનથી ન ચિંતવી શકાય તેવા અદ્‌ભુત સ્વરૂપવાલાને,

૧૨૭ સંખ્યાતીત ગુણોવાળાને,

૧૨૮ શ્રેષ્ઠ પુરુષોમાં પ્રથમને,

૧૨૯ પરમેષ્ઠીઓમાં અગ્રણીને,

૧૩૦ કલ્યાણકારીઓમાં મુખ્યને,

૧૩૧ તપસ્વીઓમાં અથવા યથાર્થ તત્વવેદીઓમાં અગ્રણીને,

૧૩૨ પરમ કલ્યાણ સ્વરૂપને,

૧૩૩ એક, અનેક, અનંત સ્વરૂપવાળાને,

૧૩૪ ભાવ અને અભાવથી રહિતને અર્થાત્ જન્મ મરણથી મુક્ત થયેલાને,

૧૩૫ અસ્તિ અર્થાત્ સંસારરૂપ સ્થિતિ અને નાસ્તિ અર્થાત્ મોક્ષરૂપ અસ્થિતિ એ બંને દોષને દૂર કરનારાને,

૧૩૬ શુભ અને અશુભ બંને પ્રકારના કર્મોથી રહિત થયેલાને,

૧૩૭ સાંસારિક સુખ દુઃખથી રહિતને,
૧૩૮ સર્વજ્ઞ માટે સ્પષ્ટ અને છદ્મસ્થ માટે અસ્પષ્ટ સ્વરૂપવાળાને, અથવા સાકાર નિરાકાર સ્વરૂપવાળાને,
૧૩૯ આદિ-મધ્ય-અંત રહિતને,
૧૪૦ નમસ્કાર થાઓ મુક્તિના સ્વામિને,
૧૪૧ મુક્તિ સ્વરૂપને, ૬.

ૐ નમોઽર્હતે નિરાતંકાય નિઃસંગાય નિર્ભયાય નિર્દ્વન્દ્વાય નિસ્તરંગાય નિરુમયે નિરામયાય નિષ્કલંકાય પરમદેવતાય સદાશિવાય મહાદેવાય શંકરાય મહેશ્વરાય મહાવ્રતિને મહાયોગિને મહાત્મને પંચમુખાય મૃત્યુંજયાય અષ્ટમૂર્તયે ભૂતનાથાય જગદાનન્દાય જગત્પિતા મહાય જગત્ દેવાધિદેવાય જગદિશ્વરાય જગદાદીકન્દાય જગદ્ભાસ્વતે જગદ્કર્મસાક્ષિણે

જગદ્ ચક્ષુષે ત્રયીતનવે અમૃતકરાય શીતકરાય જ્યોતિષ્ચક્રિણે મહાજ્યોતિર્દ્યોતિતાય મહાતમઃ પારે સુપ્રતિષ્ઠિતાય સ્વયંકર્તે સ્વયંહર્ત્રે સ્વયં પાલકાય આત્મેશ્વરાય નમો વિશ્વાત્મને ।૭।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હત્ ને,
૧૪૨ સર્વ પીડાઓ તથા ભયોથી રહિતને,
૧૪૩ સર્વ સંગથી મુક્ત થએલા ને,
૧૪૪ સર્વ શંકાઓથી રહિતને,
૧૪૫ કર્મ રૂપી મળથી રહિતને,
૧૪૬ સર્વ દ્વન્દ્વો થી રહિતને,
૧૪૭ વિકલ્પોથી રહિતને,
૧૪૮ ઉત્સુકતા-ક્ષોભ રહિતને,
૧૪૯ દ્રવ્ય-ભાવ સર્વ રોગોથી રહિતને,
૧૫૦ કલંકથી રહિતને,
૧૫૧ દેવતાઓમાં સિરોમણિને,

૧૫૨ સદા કલ્યાણમયને,
૧૫૩ મહાન દેવને,
૧૫૪ સુખને-કલ્યાણને કરનારાને,
૧૫૫ મહાન ઈશ્વરને,
૧૫૬ મહાવ્રતધારીને, અથવા વ્રતધારીઓમાં મહાનને,
૧૫૭ મહાન યોગીને,
૧૫૮ મહાન આત્માને,
૧૫૯ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યરૂપ પાંચ મુખવાળાને,
૧૬૦ મૃત્યુનો જય કરનારાને,
૧૬૧ અનંત જ્ઞાનાદિ આઠ ગુણોવાળાને,
૧૬૨ ભવ્ય પ્રાણીઓના નાથને,
૧૬૩ જગતના જીવોને આનંદ આપનારાને,
૧૬૪ જગતના પિતામહ (દાદાને)
૧૬૫ જગતના દેવોના પણ દેવને,

૧૬૬ જગતના ઈશ્વરને,
૧૬૭ ધર્મમય જગતનાં આદિ કંદ સ્વરૂપને
૧૬૮ જગત પ્રકાશક સૂર્ય સમાનને
૧૬૯ વિશ્વના સર્વ કાર્યમાં સાક્ષીભૂતને,
૧૭૦ વિશ્વના નેત્ર સમાનને,
૧૭૧ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ શરીરવાળાને
૧૭૨ અમરદશા (મોક્ષને) આપનારાને,
૧૭૩ સંસારના તાપથી તપેલા જીવોને શીતલતા આપનારાને,
૧૭૪ જ્યોતિષચક્રમાં ચક્રવર્તી સમાનને,
૧૭૫ કેવલજ્ઞાન રૂપ મહાજ્યોતિથી પ્રકાશનારને,
૧૭૬ અજ્ઞાનરૂપ અંધકારની સામે પાર સુસ્થિર થયેલાને,
૧૭૭ સ્વ-પુરુષાર્થથી જ મોક્ષમાર્ગના કરનારને,
૧૭૮ પુરુષાર્થથી કર્મ શત્રુઓનો સંહાર કરનારને,
૧૭૯ પોતાની મેળે જ સ્વ-પરનું પાલન કરનારને,

૧૮૦ પોતાના માલિકને અર્થાત્ કર્મની
ગુલામીથી મુક્ત થયેલાને,
૧૮૧ જગતના જીવોને સ્વાત્માની જેમ જોનારાને
નમસ્કાર થાઓ.

ૐ નમોઽર્હતે સર્વદેવમયાય સર્વધ્યાનમયાય સર્વજ્ઞાનમયાય સર્વતેજોમયાય સર્વમંત્રમયાય સર્વરહસ્યમયાય સર્વભાવાભાવ જીવાજીવેશ્વરાય અરહસ્યરહસ્યાય અસ્પૃહસ્પૃહણીયાય અચિન્ત્ય ચિન્તનીયાય અકામકામધેનવે અસંકલ્પિતકલ્પદ્રુમાય અચિન્ત્ય ચિંતામણયે ચતુર્દશરજ્જવાત્મક જીવલોકચૂડામણયે ચતુરશીતિ લક્ષજીવયોનિપ્રાણિનાથાય પુરૂષાર્થનાથાય પરમાર્થનાથાય અનાથનાથાય જીવનાથાય દેવદાનવમાનવસિધ્ધસેનાધિનાથાય...

|૮|

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૧૮૨ વિશ્વના સર્વદેવોની ઉપમાને પામેલાને,

૧૮૩ સર્વ પ્રશસ્ત ધ્યાનમયને,

૧૮૪ સર્વ પ્રકારના જ્ઞાન સ્વરૂપને,

૧૮૫ સર્વ પ્રકારના તેજ (પ્રભાવ)થી યુક્તને,

૧૮૬ જેમનામાં સર્વ મંત્રો સમાવિષ્ટ થાય છે તેમને,

૧૮૭ સઘળા રહસ્યના સ્થાનભૂતને,

૧૮૮ સર્વ-ભાવ-અભાવ-જીવ તથા અજીવના માલિકને,

૧૮૯ જેઓને કંઈ રહસ્ય (ગુપ્ત) રહ્યું નથી, એવા યોગીઓ માટે પણ રહસ્ય ભૂતને,

૧૯૦ સ્પૃહા રહિત એવા મહાત્માઓ દ્વારા પણ સ્પૃહા કરવા યોગ્યને,

૧૯૧ જેઓને કંઈ ચિંતવવા જેવું રહ્યું નથી એવા ધ્યાતાઓને પણ ચિંતવવા યોગ્યને,

૧૯૨ સ્વયંકામનાથી રહિત હોવા છતાં બીજાઓ માટે કામધેનુ સમાનને,

૧૯૩ સંકલ્પ કર્યા વિના જ કલ્પવૃક્ષ સમાન ફળ આપનારને,

૧૯૪ ચિંતન કર્યા વિના જ ચિંતામણિની જેમ ઈષ્ટ ફળ આપનારને,

૧૯૫ ચૌદરાજલોક સ્વરૂપ જીવ લોકમાં મુકટમણિ સમાનને,

૧૯૬ ચોર્યાસી લાખ જીવયોનિના પ્રાણીઓના નાથને,

૧૯૭ સર્વ પુરુષાર્થના સ્વામીને,

૧૯૮ પરમાર્થ-મોક્ષના સ્વામીને,

૧૯૯ અનાથ જીવોના નાથને,

૨૦૦ જીવમાત્રના નાથને,

૨૦૧ દેવો, દાનવો, માનવો અને સિદ્ધિ-જયને વરેલી છે સેના જેની, એવા રાજાઓના તથા સિદ્ધસેન સૂરિના નાથને.

ૐ નમોઽર્હતે નિરંજનાય અનંતકલ્યાણ નિકેતન કીર્તનાય (તિર્તાયિ સુગૃહિતનામધેયાય મહિમા મયાય) ધીરોદાત ધીરોદ્ધતધીરશાન્ત ધીરલલીત પુરુષોત્તમ પુણ્ય શ્લોકશત સહસ્ત્ર લક્ષકોટિ વંદિત પાદારવિન્દાય સર્વગતાય ।૯।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૨૦૨ કર્મ રૂપી અંજનથી રહિતને,

૨૦૩ અનંત કલ્યાણના ધામ-મોક્ષ માર્ગનું કીર્તન પ્રકાશન કરનારાને,

૨૦૪ સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય નામવાળાને,

૨૦૫ મહિમાવંતને,

૨૦૬ ધીરોદત્ત-ધીરોદ્ધત-ધીરશાંત-ધીરલલિત-પુરુષોત્તમ પવિત્ર કીર્તિવાળા એવા સેંકડો હજારો, લાખો, ક્રોડો મહાપુરુષો વડે વંદન કરાયેલા છે જેમના ચરણ કમળ તેમને,

૨૦૭ વિશ્વ વ્યાપી પ્રભાવવાળાને. ૯

ॐ નમોઽર્હતે સર્વસમર્થાય સર્વપ્રદાય સર્વહિતાય સર્વાધિનાથાય કસ્મૈચન ક્ષેત્રાય પાત્રાય તિર્થાય પાવનાય પવિત્રાય અનુતરાય ઉતરાય યોગાચાર્યાય સંપ્રક્ષાલનાય પ્રવરાય આગ્રેયાય વાચસ્પતયે માંગલ્યાય સર્વાત્મનીનાય સર્વાથાય અમૃતાય સદોદિતાય બ્રહ્મચારીણે તાયિને દક્ષિણીયાય નિર્વિકારાય વજ્રર્ષભનારાચમૂર્તયે તત્વદર્શિને પારદર્શિને પરમદર્શિને નિરુપમજ્ઞાનબલવીર્યતેજ: શકત્યૈશ્વર્યમયાય આદિ- પુરુષાય આદિપરમેષ્ઠિ ને આદિમહેશાય મહાજયોતિ:સત્વાય મહાચિર્ધનેશ્વરાય મહામોહસંહારિણે મહાસત્વાય મહાજ્ઞામહેન્દ્રાય મહાલયાય મહાશાન્તાય મહાયોગીન્દ્રાય અયોગિને મહામહીયસે મહાહંસાય હંસરાજાય મહાસિધ્ધાય શિવમચલમરુજમનન્તમક્ષાય મવ્યાબાધમપુનરાવૃતિ મહાનન્દં મહોદયં

સર્વદુઃખક્ષયં કૈવલ્યં અમૃતં નિર્વાણમક્ષરં પરબ્રહ્મ નિઃશ્રેયસમપુનર્ભવં સિધ્ધિગતિનામધેય સ્થાનં સંપ્રાપ્તવતે નિઃશ્રેયસમપુનર્ભવં સિધ્ધિગતિનામધેયં સ્થાનં સંપ્રાપ્તવતે ચરાચરં અવતે નમોઽસ્તુ શ્રી મહાવીરાય ત્રિજગત્સ્વામિને શ્રી વર્ધમાનાય।૧૦।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હતને,

૨૦૮ સર્વ પ્રકારના સામર્થ્યથી યુક્તને,

૨૦૯ સર્વ ઈષ્ટ વસ્તુઓના આપનારને,

૨૧૦ સર્વ જીવોનું હિત કરનારાને,

૨૧૧ સર્વ સ્વામીના પણ સ્વામીને,

૨૧૨ કોઈ મહાન ક્ષેત્ર સ્વરૂપને,

૨૧૩ પાત્ર સ્વરૂપને અથવા પાપોથી બચાવનારને,

૨૧૪ સંસાર સાગરથી તારનાર તીર્થ સ્વરૂપને,

૨૧૫ અન્ય જીવોને શુધ્ધ કરનારાને,

૨૧૬ સ્વયં પવિત્રને,

૨૧૭ સર્વોત્તમને,

૨૧૮ સંસાર સાગરથી પાર ઉતરેલાને,
૨૧૯ યોગ માર્ગના પ્રવતકને,
૨૨૦ કર્મ મલનું સારી રીતે પ્રક્ષાલન કરનારને,
૨૨૧ સર્વ શ્રેષ્ઠને,
૨૨૨ સર્વના અગ્રણીને,
૨૨૩ વાણીના અધિપતિને,
૨૨૪ મંગલના કરનારને,
૨૨૫ સર્વ પ્રાણીઓનું હિત કરનારને,
૨૨૬ સર્વ પ્રયોજનની સિદ્ધિના કારણભૂતને,
૨૨૭ અમરપણાને પામેલાને,
૨૨૮ શાશ્વત ઉદયને પામેલાને,
૨૨૯ બ્રહ્મચારીને અર્થાત્ આત્મસ્વરૂપમાં રમણતા કરનારને,
૨૩૦ રક્ષણ કરનારને,
૨૩૧ દાક્ષિણ્યવંતને અર્થાત્ કોઈની પ્રાર્થનાનો ભાગ નહીં કરનારને,

૨૩૨ વિકારોથી રહિતને,
૨૩૩ વજ્ર ઋષભ નારાચ સંઘયણ વાળાને,
૨૩૪ તત્વને જોનાર અથવા બતાવનારાને,
૨૩૫ પ્રત્યેક પદાર્થોના પરિણામને જોનારાને,
૨૩૬ દ્રષ્ટાઓમાં સર્વશ્રેષ્ઠને,
૨૩૭ અનુપમ કોટિના જ્ઞાન-બળ-પરાક્રમ-તેજ-
શક્તિ અને ઐશ્વર્યથી યુક્તને,
૨૩૮ પુરુષોમાં અગ્રણીને,
૨૩૯ પરમેષ્ઠીઓમાં પ્રથમને,
૨૪૦ મહેશ્વરોમાં પ્રથમને,
૨૪૧ મહાજ્યોતિસ્વરૂપને,
૨૪૨ મહાન તેજરૂપી ધનના અધિપતિને,
૨૪૩ મહામોહનો સંહાર કરનારાને,
૨૪૪ મહાન સત્વવાળાને,
૨૪૫ મોટી આજ્ઞા કરવામાં મહેન્દ્ર સમાનને,
૨૪૬ ગુણ સમૂહના મહાન આવાસભૂતને અથવા

મહાન લય-સમાધિથી યુક્તને,

૨૪૭ મહાશાંતિને પામેલાને,

૨૪૮ મહાયોગીઓમાં શ્રેષ્ઠને,

૨૪૯ મન-વચન-કાયારૂપયોગથી રહિત અવસ્થા પામેલાને,

૨૫૦ મહાપુરુષોથી પણ મહાનને,

૨૫૧ મહાન ગુરુને,

૨૫૨ ગુરુઓના પણ ગુરુને,

૨૫૩ મહાન સિદ્ધને,

૨૫૪ કલ્યાણકારી-અચલ-રોગરહિત-અનંત-અક્ષય-પીડારહિત-જયાંથી ફરી પાછા આવવું ન પડે તેવા મહા આનંદમય-મહોદયવાળા-સર્વદુઃખક્ષયવાળા-અદ્વિતીય-અમૃત-શાંત-નાશ ન પામે તેવા-પરબ્રહ્મસ્વરૂપ-કલ્યાણરૂપ-પુનર્જન્મ રહિત સિદ્ધિગતિ નામના સ્થાને સારી રીતે પામેલાને,

૨૫૫ ત્રસ-સ્થાવર જીવમય જગતના રક્ષકને,
૨૫૬ નમસ્કાર થાઓ શ્રી મહાવીરને,
૨૫૭ ત્રણ જગતના સ્વામીને,
૨૫૮ જ્ઞાનાદિ ગુણોથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામનારને. ૧૦.

ૐ નમોઽર્હતે કેવલિને પરમયોગીને (ભક્તિમાર્ગયોગિને) વિશાલ શાસનાય સર્વલબ્ધિ સંપન્નાય નિર્વિકલ્પાય કલ્પનાતીતાય કલાકલાપકલિતાય વિસ્ફુરદુરુશુક્લધ્યાનાગ્નિ નિર્દગ્ધ કર્મબીજાય પ્રાપ્તાનન્ત ચતુષ્ટયાય સૌમ્યાય શાન્તાય મંગલ વરદાય અષ્ટાદશદોષરહિતાય સંસૃત વિશ્વ સમીહિતાય સ્વાહા ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ ।

ૐ કાર પૂર્વક નમસ્કાર થાઓ, અર્હત્‌ને,
૨૫૯ કેવલજ્ઞાનીને,

૨૬૦ ઉત્કૃષ્ટયોગીને,
૨૬૧ (ભક્તિ માર્ગના યોગીને),
૨૬૨ વિશાળ શાસનવાળાને,
૨૬૩ સર્વ લબ્ધિઓથી યુક્તને,
૨૬૪ વિકલ્પોથી રહિતને,
૨૬૫ કલ્પનાતીત સ્વરૂપવાળાને,
૨૬૬ કળાઓના સમૂહથી મનોહરને,
૨૬૭ વિશેષ રીતે સ્ફુરાયમાન મહાન શુકલધ્યાન રૂપી અગ્નિ વડે કર્મબીજને સંપૂર્ણ રીતે બાળી નાખનારને,
૨૬૮ (અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત ચારિત્ર-અનંત વીર્યરૂપ) અનંત ચતુષ્ટયને પામેલાને,
૨૬૯ સૌમ્ય સ્વરૂપવાળાને,
૨૭૦ શાંત સ્વભાવવાળાને,
૨૭૧ મંગળ વરદાન આપનારને,
૨૭૨ અઢાર દોષોથી રહિતને,

૨૭૩ સર્વ જીવોના વાંછિતને પૂરનારાને, સ્વાહા (મારું જીવન સમર્પિત થાઓ) (સ્વાહા એ સમર્પણનું બીજું મંત્ર છે.) ૧૧.

લોકોતમો નિષ્પ્રતિસ્ત્વમેવ ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ
ત્વામેકમર્હનં શરણં પ્રપદ્યે સિધ્ધર્ષિ સધ્ધર્મમયસ્ત્વમેવ ॥૧॥

ત્વંમે માતા પિતા નેતા, દેવોધર્મો ગુરુઃ પરઃ
પ્રાણા સ્વર્ગોડપવર્ગશ્ચ, સત્વં તત્વં ગતિર્મતિઃ ॥૨॥

જિનો દાતા જિનો ભોક્તા, જિનઃ સર્વમિદં જગત્
જિનો જયતિ સર્વત્ર, યો જિનઃ સોડહમેવ ચ ॥૩॥

યત્કિંચિત કુર્મહે દેવ, સદા સુકૃતદુષ્કૃતમ્
તન્મે નિજપદસ્થસ્ય, હું ક્ષ ક્ષપય ત્વં જિન ॥૪॥

ગૃહયાતિ ગૃહયગોપ્તા ત્વં, ગૃહાણાસ્મત્કૃતં જપમ્
સિધ્ધિઃ શ્રયતિ માં યેન, ત્વત્પ્રસાદાત્વયિ સ્થિતમ્॥૫॥

ઈતિ શ્રી વર્ધમાનજિનનામમંત્ર સ્તોત્રં
॥ ઈતિ શક્રસ્તવઃ ॥

આવા આવા અગણિત વિશેષણોથી વિશિષ્ટ એવા અરિહંતપરમાત્માને ૐ હ્રીં શ્રીં એ બીજમંત્રો પૂર્વક નમસ્કાર થાઓ.

હે પ્રભુ ! આપ જ અદ્વિતીય લોકોત્તમ છો, હે સ્વામિન્ ! તમે જ સિદ્ધ છો, ગુરુ છો અને સમ્યક્ ધર્મસ્વરૂપ છો. ૧

હે પરમાત્મન્ ! આપ મારા માતા, પિતા, નેતા, દેવ, ધર્મ અને પરમ ગુરુ છો, તથા આપ જ મારા પ્રાણ, સ્વર્ગ, મોક્ષ, સત્વ, તત્વ, શરણ અને મતિ રૂપ છો. ૨.

જિન દાતા છે, જિન ભોક્તા છે, આ આખું જગત જિન સ્વરૂપ છે, જિન આ વિશ્વમાં સર્વત્ર જય પામે છે, વાસ્તવમાં જે જિન છે તે જ હું છું. ૩.

હે દેવ ! અમે હંમેશાં જે કાંઈ પુણ્ય-પાપ કરીએ છીએ, આપના ચરણમાં રહેલા મારા તે કર્મને જિન એવા આપ ક્ષય કરો. (હું ક્ષઃ એ ક્ષપણ માટેના મંત્રાક્ષરો છે) ૪.

તમે ગુહ્ય કરતાં પણ અતિગુહ્ય રક્ષક છો, આપ અમારા દ્વારા કરાયેલા જાપને ગ્રહણ કરો કે જેથી આપના પ્રસાદથી આપને આશ્રયે રહેલા મને સિદ્ધિની પ્રાપ્તિ થાય. ૫.

આ પ્રમાણે શ્રી વર્ધમાન જિન નામ મંત્ર સ્તોત્ર સમાપ્ત થયું.

પ્રતિષ્ઠામાં તથા શાંતિ-અનુષ્ઠાનમાં આનો પાઠ મહાસુખને માટે થયેલ છે. આરીતે શક્રસ્તવ પૂર્ણ થયું.

## શ્રી ગૌતમસ્વામી અષ્ટકમ્ (અર્થ સાથે)

**શ્રી ઈન્દ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્ ।**
**સ્તુવન્તિ દેવાસુર માનવેન્દ્રાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૧॥**

(શ્રી વસુભતિ અને પૃથ્વીમાતાના પુત્ર ગૌતમ ગૌત્રમાં રત્ન સમાન એવા શ્રી ઈન્દ્રભૂતિની દેવેન્દ્રો,

અસુરેન્દ્રો અને નરેન્દ્રો સ્તવના કરે છે તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**શ્રી વર્દ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન ।**
**અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ॥૨॥**

(શ્રી વર્દ્ધમાન (મહાવીર સ્વામી)ની પાસેથી (ઉપ્પન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા) આ ત્રણ પદ પ્રાપ્ત કરી, જે ગૌતમ સ્વામીએ એક મુહૂર્ત માત્રમાં બાર અંગ ચૌદ પૂર્વ રચ્યા તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**શ્રી વીરનાથેન પુરા પ્રણિતં, મન્ત્રં મહાનન્દ સુખાય યસ્ય ।**
**ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૩॥**

(શ્રી વીરવિભુએ પૂર્વે મહાનંદ (મોક્ષ) સુખ દાયક

જે ગૌતમસ્વામીનો મંત્ર રચ્યો અને હમણાં પણ જેમના આ મંત્રનું બધા જ શ્રેષ્ઠ આચાર્યો ધ્યાન કરે છે તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**યસ્યાભિધાનં મુનયોપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે।**
**મિષ્ટાન્ન પાનામ્બર પૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૪॥**

(જે શ્રી ગૌતમ સ્વામીનું નામ બધા જ મુનિઓ ભિક્ષા લેવા જતી વખતે લે છે, અને (એના પ્રભાવે) મિષ્ટાન-દાન વસ્ત્ર પૂર્ણ ઈચ્છાવાલા થાય છે તે ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશકત્યા, યયૌ જિનાનાં પદવન્દનાય।**
**નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૫॥**

(દેવો પાસેથી અષ્ટાપદ તીર્થનો મહિમા સાંભળી

જે (શ્રી ગૌતમસ્વામી) શ્રી (ચોવીશ) જિનોનાં ચરણો ને વાંદવા પોતાની શક્તિથી આકાશમાર્ગે અષ્ટાપદ પર્વતપર ગયા, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**ત્રિપંચસંખ્યાશતતાપસાનાં, તપઃ કૃશાનામપુનર્ભવાય ।**
**અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૬॥**

(જે શ્રી ગૌતમસ્વામીએ મોક્ષના હેતુથી, તપથી થયેલા પંદરસો તાપસોને લબ્ધિથી પરમાન્ન (ખીર)નું ભોજન કરાવ્યું, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**સદક્ષિણં ભોજનમેવદેયં, સાધર્મિક સંઘ સપર્યયેતિ ।**
**કૈવલ્યવસ્ત્ર પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૭॥**

(સંઘ પૂજામાં સાધર્મિકને દક્ષિણાની સાથે જ ભોજન આપવું જોઈએ, (આ નિયમનું જાણે કે પાલન

કરવાના ભાવથી) જ શ્રી ગૌતમસ્વામીએ પંદરસો તાપસોને દક્ષિણામાં કેવલજ્ઞાનરૂપી વસ્ત્ર આપ્યું, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**શિવંગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા ।**
**પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિત મે ॥૮॥**

(મહાવીર સ્વામી ભગવાન મોક્ષમાં ગયા ત્યારે હવે યુગપ્રધાનપણું આમનામાં (ગૌતમસ્વામીમાં) છે એવો નિર્ણય કરી, જે ગૌતમસ્વામીનો ઈન્દ્રોએ પટ્ટાભિષેક કર્યો તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત કરો.)

**ત્રૈલોકયબીજં પરમેષ્ઠિબીજં, સદ્‌જ્ઞાનબીજં જિનરાજબીજમ્ ।**
**યન્નામચોકતં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતું વાંછિત મે ॥૯॥**

(ત્રૈલોકયબીજ (ઓં) પરમેષ્ઠિબીજ (હ્રીં)

સદ્જ્ઞાનબીજ (શ્રીં) જિનરાજ બીજ (અર્હં) આટલાથી યુક્ત જેમનો નામ મંત્ર સિદ્ધિને આપે છે, તે શ્રી ગૌતમસ્વામી મને વાંછિત આપો.)

**શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિ પુંગવાયે।**
**પઠન્તિ તે સૂરિપદં સદૈવાનન્દં લભન્તે સુતરાં ક્રમેણ ॥૧૦॥**

(આ શ્રી ગૌતમસ્વામીના અષ્ટકનો જે મુનિપુંગવો પ્રભાતકાલે આદરપૂર્વક પાઠ કરે છે, તેઓ ક્રમશઃ આચાર્યપદ અને હંમેશા આનંદ (મોક્ષ) અવશ્ય પામે છે.)

## શ્રી શત્રુંજય લઘુકલ્પ (સાર્થ)

૧ **અઈમુત્તાય કેવલિણા, કહિઅં સેતું જ તિત્થમાહપ્પં, નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ ॥૧॥**

અર્થ : હે ભવ્યજીવ ! અઈમુત્તા (અતિમુક્ત) કેવલીએ નારદમુનિની સમક્ષ શ્રી શત્રુંજય તીર્થનું મહાત્મ્ય સમજાવ્યુ, તે હું તમને કહું છું, તે તમે ભાવપૂર્વક સાંભળો.

૨. **સેતુંજે પુંડરિઓ, સિદ્ધો મુણિ કોડી પંચ સંજુત્તો, ચિત્તસ્સ પુણ્ણિમાએ, સો ભણ્ણઈ તેણ પુંડરિઓ ॥૨॥**

અર્થ : આ શત્રુંજય તીર્થ ઉપર પુંડરિક ગણધર પાંચ કરોડ મુનિઓ સાથે ચૈત્ર સુદ પુનમના દિવસે સિદ્ધ થયા. એટલે આને પુંડરિકગિરિ કહેવામાં આવે છે.

૩. **નમિ વિનમિરાયાણો, સિદ્ધાકોડિહિં દોહિં સાહૂણં, તહ દવિડ વાલીખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડિઓ ॥૩॥**

અર્થ : નમિ વિનમિ બે વિદ્યાધર રાજા બે કરોડ સાધુઓ સાથે (ફાગણ સુદ ૧૦ ના)

અહિંયા સિદ્ધ થયા તથા દ્રાવિડ અને વારિખિલ્લ દસ કરોડ મુનિઓ સાથે (કારતક સુદ ૧૫ ના) મોક્ષે ગયા.

૪. **પજ્જુન્ન-સંબ-પમુહા, અધ્ધુટ્ઠાઓ કુમારકોડિઓ, તહ પંડવા વિ પંચ ય, સિદ્ધિંગયા નારય રિસીય ॥૪॥**

**અર્થ :** શાંબ તથા પ્રદ્યુમ્ન (કૃષ્ણ નાં પુત્રો) વગેરે આઠ કરોડ કુમાર (ફાગણ સુદ ૧૩નાં ભાડવા ના ડુંગર ઉપર) સિદ્ધિપદ પામ્યા તથા પાંચ પાંડવો વીસ કરોડ મુનિઓ સાથે (આસો સુદ ૧૫ ના) તથા નારદમુનિ (એકાણું લાખ સાથે) સિદ્ધ થયાં.

૫. **થાવચ્ચા સુય સેલગા ય, મુણિણોવિ તહ રામમુણિ, ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે ॥૫॥**

**અર્થ :** થાવચ્ચા પુત્ર (એક હજારની સાથે), શુક પરિવ્રાજક મુનિ (એક હજારની સાથે) સેલગ મુનિ (પાંચ સો મુનિ ભેગા) તથા રામચન્દ્ર અને ભરત (દશરથ રાજાના પુત્ર) (ત્રણ કરોડ મુનિઓ સાથે) શત્રુંજય પર સિદ્ધ પદ પામ્યાં, તેઓનું હું વંદન કરૂં છું.

૬. **અન્ને વિ ખવિય મોહા, ઉસ ભાઈ વિસાલવંસ સંભૂઆ, જે સિદ્ધા સિત્તુંજે, તં નમહ મુણી અસંખિજ્જા ॥૬॥**

**અર્થ :** બીજા પણ ઋષભ વગેરે વિશાળ જન્મ પામ્યા તથા મોહ ને ખપાવવાવાલા અસંખ્ય જે જે મુનિઓ શત્રુંજય ઉપર સિદ્ધ થયા, તેમને હે ભવ્ય જીવ ! તમે નમસ્કાર કરો.

૭. **પન્નાસ જોયણાઈ આસી સેત્તુંજવિત્થરો મૂલે, દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અટ્ઠ ॥૭॥**

અર્થ : આ શત્રુંજય પર્વતનો (પહેલા આરામાં) મૂળનો વિસ્તાર પચ્ચાસ યોજના હતો તેમજ શિખરનો વિસ્તાર દસ યોજન હતો, ઉંચાઈ આઠ યોજન હતી.

૮. **જં લહઈ અન્નતિત્થે ઉગ્ગેણ તવેણ બંભચેરેણ, તં લહઈ પયત્તેણં, સેત્તુંજ ગિરિમ્મિ નિવસંતો ॥૮॥**

અર્થ : જેટલું ફળ બીજા તીર્થોમાં ઉગ્ર તપ કરવાથી તથા શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાથી પ્રાપ્ત થાય છે, તેટલું ફળ શત્રુંજયગિરિ પર ફક્ત રહેવાથી (નજીવા પ્રયત્ન થી) પ્રાપ્ત કરી શકાય છે.

૯. **જં કોડિએ પુન્નં, કામિય આહાર ભોઈઆ જે ઉ, તં લહઈ તત્થ પુન્નં એગોવવાસેણ સેત્તુંજે ॥૯॥**

અર્થ : જેટલું પુણ્ય અન્ય તીર્થોમાં કરોડ

મનુષ્યોને વાંછિત ભોજન દેવાથી (ભોજન કરાવવાથી) મળે છે. એટલું પુણ્ય શત્રુંજય ઉપર ફક્ત એક ઉપવાસ કરવાથી મળે છે.

૧૦. **જંકિંચિ નામતિત્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ, તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વદિએ સંતે ॥૧૦॥**

**અર્થ :** જો કોઈ નામ રૂપ તીર્થ સ્વર્ગમાં-પાતાળમાં તથા મનુષ્ય લોકમાં છે, એ બધા તીર્થોનાં દર્શનનું ફળ માત્ર આ પુંડરિક ગિરિના વંદનથી પ્રાપ્ત થાય છે.

૧૧. **પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે, કોડિગુણ ચ અદિટ્ઠે, દિટ્ઠે ય અણંત યં હોઈ ॥૧૧॥**

**અર્થ :** શત્રુંજય તરફ જાતી વખતે શત્રુંજય દેખાય કે જોવાય તો પણ સંઘની ભક્તિ કરવાથી તથા મુનિને વંદન કરવાથી અત્યંત

લાભ મળે છે, અન્યત્ર આટલી ભક્તિ કરવાથી જેટલું સામાન્ય ફળ મળે છે એનાથી કરોડ ગણું ફળ શત્રુંજય ને જોયા પછી ભક્તિ કરવાથી તો અનંત ગણું ફળ મળે છે.

**૧૨. કેવલનાણપ્પત્તિ, નિવ્વાણં આસી જત્થ સાહૂણં, પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ ॥૧૨॥**

**અર્થ :** જયાં જયાં જે જે તીર્થોમાં મુનિઓને કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, તથા મુનિ નિર્વાણ પામ્યા છે, એ બધા તીર્થોની વંદના એક માત્ર પુંડરીક તીર્થને વંદન કરવાથી થાય છે.

**૧૩. અટ્ઠાવય સંમેએ, પાવા ચંપાઈ ઉજ્જિંત નગેય, વંદિત્તા પુણ્ણફલં સયગુણં તંપિ પુંડરિયે ॥૧૩॥**

**અર્થ :** અષ્ટાપદ (શ્રી ઋષભદેવની

નિર્વાણભૂમિ) સંમેતશિખર (વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ) પાવાપુરી (વીર પ્રભુની નિર્વાણભૂમિ) તથા ગિરનાર પર્વત (નેમિનાથની નિર્વાણભૂમિ) આ બધા તીર્થોની વંદના કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનાથી સો ગણું ફળ એકલા પુંડરિકગિરિને વંદન કરવાથી થાય છે.

૧૪. **પુઆ કરણે પુન્નં, એગગુણં સયગુણં ચ પડિમાઓ, જિણભવણેણ સહસ્સં, ણંતગુણં પાલણે હોઈ ॥૧૪॥**

**અર્થ :** શત્રુંજય ઉપર પૂજા કરવાથી એક ગણું, ત્યાં પ્રતિમાજીની સ્થાપના કરવાથી સો ગણું, જિન પ્રાસાદ (મંદિર) બનાવવાથી હજાર ગણું તથા એ તીર્થનું પાલન-રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે.

૧૫. **પડિમં ચેઈહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ, કુણઈ ભુત્તૂણ ભરહવાસં, વસઈ સગ્ગે નિરૂવસગ્ગે ॥૧૫॥**

**અર્થ :** શત્રુંજય ગિરિ ઉપર પ્રતિમા ભરાવો અથવા ચૈત્યઘર (જિન મંદિર) બનાવો, તે આખા ભરતક્ષેત્ર (ચક્રવર્તિપણું) તે ભોગવીને નિરુપસર્ગ એવાસ્વર્ગ અથવા મોક્ષમાં વાસ કરે છે.

૧૬ **નવકારસહિઅ પોરિસી, પુરિમડ્ઢેગાસણં ચ આયામં, પુંડરિયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તટ્ઠ ॥૧૬॥**

**અર્થ :** નવકારશી, પોરિસી, પુરિમુટ્ઢ, એકાસણું આયંબિલ તથા ઉપવાસ વગેરે પુંડરિકગિરિનું સ્મરણ (ધ્યાન) કરતા કરતા ફળની ઈચ્છા વાળો જ કોઈ પણ પ્રાણી કરે છે, તેને ત્રિકરણ શુદ્ધિથી શત્રુંજયના સ્મરણથી ક્રમવાર : છટ્ઠ, અટ્ઠમ, દશમ,

દુવાલસ, અર્ધમાસ, માસક્ષમણ કરવાથી જેટલું ફળ પ્રાપ્ત થાય છે, એટલે કે નવકારશી વાળાને છટ્ઠ, પોરિસી વાળાને અટ્ઠમ, પુરિમુઢ વાલા ને ચાર ઉપવાસ જેટલું, એકાસણા વાળાને પાંચ ઉપવાસ જેટલું, તથા આયંબિલ વાળાને ૧૫ ઉપવાસ (અર્ધમાશખમણ) જેટલું ફળ મળે છે.

**૧૭. છટ્ઠેણં ભત્તોણં, અપ્પાણેણં તુ સત્ત જત્તાઈ, ॥૧૭॥**

**૧૮. જો કુણઈ સેત્તુંજે, તઈઅભવે લહઈ સો મુકખં ॥૧૮॥**

**અર્થ :** પાણી પીધાં વિના જે વ્યક્તિ (ચોવિહાર) છટ્ઠ કરીને સાત યાત્રાઓ કરે છે તે ત્રીજે ભવમાં મોક્ષમાં જાય છે.

**૧૯. અજ્જવિ દીસઈ લોએ, ભત્તં ચઈઉણ**

પુંડરિયનગે, સગ્ગે સુહેણ વચ્ચઈ,
સીલવિહુણો વિ હોઉણં ॥૧૯॥

**અર્થ :** આજે પણ લોકમાં કહેવાય છે કે, જે મનુષ્ય ભાતપાણીનો ત્યાગ કરીને પુંડરિક ગિરિ ઉપર અનસન કરે છે, તે સદાચાર રહિત હોય તો પણ સુખપૂર્વક સ્વર્ગમાં જાય છે.

૨૦. છત્તાં ઝયં પડાગં, ચામર ભિંગાર
થાલદાણેણં, જિજ્જાહરો અ હવઈ તહ
ચક્કી હોઈ રહદાણા ॥૨૦॥

**અર્થ :** છત્ર, ધજા, પતાકા, ચામર, કળશ તથા થાળીના દાનથી અર્થાત્ શત્રુંજય ઉપર રાખવાથી પ્રાણી વિદ્યાધર થાય છે, અને રથ બનાવીને ભેટ કરવાથી ચક્રવર્તી થાય છે.

૨૧. દસ વીસ તીસ ચત્તાલક્ખ, પન્નાસ,
પુષ્ફદામદાણેણં, લહઈ ચઉત્થ
છટ્ઠઠમદસમદુવાલસફલાઈં ॥૨૧॥

અર્થ : દસ, વીસ, ત્રીસ, ચાળીસ તથા પચ્ચાસ લાખ ફૂલોની માળાના દાનથી એટલે કે એટલી માળાઓ ચડાવવાથી ક્રમવાર ચોથ ઉપવાસ છટ્ઠ (બે ઉપવાસ) અટ્ઠમ (ત્રણ ઉપવાસ) દસમ (ચાર ઉપવાસ) તથા દુવાલસ (પાંચ ઉપવાસ) જેટલું ફળ મળે છે.

**૨૨. ધુવે પક્ ખુવવાસો માસક્ખમણં કપુરધુવમ્મિ, કિત્તિયમાસકખમણં, સાહુ પડિલાભિએ લહઈ ॥૨૨॥**

અર્થ : શત્રુંજય ઉપર કૃષ્ણાગરૂ વગેરે ઉત્તમ ધુપ કરવાથી પાક્ષખમણ (૧૫ ઉપવાસ)નું બરાસ નો ધૂપ કરવાથી માસખમણનો તથા સાધુને પ્રતિલાભવાથી કેટલાયે માસખમણોનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

**૨૩. ન વિ તં સુવણ્ણભૂમિભૂસણદાણેણ અણ્ણતિત્થેસુ, જં પાવાઈ પુણ્ણફલં**

પુઆન્હવણેણ સિત્તુંજે ॥૨૩॥

અર્થ : શત્રુંજય ઉપર માત્ર પૂજા તથા નહાવાથી જેટલું પુણ્ય થાય છે, તેટલું પુણ્ય બીજા તીર્થોમાં સોનાની ભૂમિ કે અલંકારો (આભૂષણો)નું દાન કરવાથી પણ નથી મળતું.

૨૪. કંતાર-ચોર-સાવય-સમુધ્દારિદ, રોગરિઉ રૂદા, મુચ્ચંતિ અવિગ્ઘેણં જે સેતુંજં ઘરંતિ મણે ॥૨૪॥

અર્થ : જે કોઈ પ્રાણી શત્રુંજય તીર્થને ચિત્તમાં સ્થાપના (ધારણ) કરે છે - એટલે કે તેનું ધ્યાન કરે છે તેના નિર્વિઘ્નરૂપથી અટવી (જંગલ) ચોર શ્વાપદ (સિંહ, વાઘ વગેરે પ્રાણિઓ) સમુદ્ર દરિદ્ર (ગરીબી) રીપુ (શત્રુ) તથા રુદ્ર (આગ) વગેરે અડચણો નો નાશ થઈ જાય છે.

૨૫. સારાવલી પયન્નગ ગાહાઓ સૂઅહરેણ ભણિઆઓ, જો પઢઈ ગુણઈ નિસુણઈ સો લહઈ સિત્તુંજ્જત ફલ ॥૨૫॥

**અર્થ :** સારાવલી પયન્નામાં શ્રુતઘર મહારાજા એ જે ગાથાઓ કહી છે તેમાંથી આ ગાથાઓ લીધી છે, અને જે વાંચશે, ગણસે, તથા સાંભળશે તેને શત્રુંજયની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે.

## અમૃતવેલની સજ્ઝાય

ચેતન ! જ્ઞાન અજુવાળીયે, ટાળીયે મોહ સંતાપ રે,
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપરે. ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે,
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે,
સમકિત રત્નરુચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે. ૪
જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે,
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ૫
શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે,
ભોગવે રાજ શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે,
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રથ રે. ૭
શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે,
જેહ સુખ હેતુ જિનવરે કહ્યો, પાપ જલ તરવા નાવ રે. ૮
ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે,
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોયે સંવર વૃદ્ધિ રે. ૯
ઈહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત્વ રે,
જે જિનશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણઘાત રે. ૧૦

ગુરુતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે,
બહુપરે લોકને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાલ રે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પરધન કરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવીયા ચાર કષાય રે,
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે,
રતિ અરતિ નિંદા માયા મૃષા, મળીય મિથ્યાત્વ સંતાપ રે. ૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિએ તેહ ત્રિહુ કાલ રે,
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોય કર્મ વિસરાલ રે. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે,
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે,
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે,
સાધુની જેહ વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે. ૧૮
જેહ વિરતિ દેશશ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે,
સમક્તિ દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ૧૯
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ૨૦
પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા. તેહ અનુમોદવા લાગ રે. ૨૧
થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે,
દોષ લવ પણું જિન દેખતાં, નિર્ગુણ નિજાતમાં જાણ રે. ૨૨
ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે,
ભાવિયે શુદ્ધનય ભાવના, પાપનાશય તણું ઠામ રે. ૨૩
દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪

કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે,
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે,
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ૨૬

રાગ વિષ દોષ ઊતારતાં, ઝારતાં દ્વેષ રસ શેષ રે,
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતાં ચાલીએ, પામીયે જિન પરમધામ રે. ૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃત વેલ રે,
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલ રે. ૨૯

## ૨૪ તીર્થંકરોના નામ શી રીતે પડ્યા

૧) ઋષભ :- મરુદેવીમાતાએ ૧૪ સ્વપ્નમાં પ્રથમ ઋષભ જોયો હતો તેથી તુષ્ટ થયેલા ઈન્દ્રે આ જિનનું ઋષભ નામ આપ્યું. આ ભગવાન બન્ને સાથળમાં

તપેલા સુવર્ણ જેવું ઉજ્જવલ, શ્વેત, પરસ્પર સન્મુખ અને મનોહર એવું ઋષભયુગલ ચિહ્ન હતું.

**૨) અજિત :-** પહેલા ચોપાટ રમતાં ત્યારે વિજયામાતા - જિતશત્રુથી હારી જતા હતા. પણ આ બાળક ગર્ભમાં આવ્યા પછી માતા સતત જીતતા રહ્યાં હાર્યા નહીં તેથી અજિત નામ પાડ્યું.

**૩) સંભવ :-** દુષ્કાળ પડ્યો ક્યાંયથી અનાજની આશા ન હતી. તે આશા બાળક પેટમાં આવ્યો ત્યારે ફળી. દુષ્કાળનાશ પામ્યો ચારેબાજુથી ધાન્ય આવ્યુંસુકાળ થયો. અસંભવિત-સંભવિત થયું તેથી સંભવ નામ પાડ્યું.

**૪) અભિનંદન :-** માતાના ગર્ભમાં ભગવાન આવ્યા તે દરમિયાન ઈન્દ્રે અત્યંત ભક્તિથી માતાની વારંવાર સ્તુતિ કરી. પ્રશંસા કરી. અભિવાદન કર્યા તેથી અભિનંદન એવું નામપાડ્યું.

**૫) સુમતિ :-** મંગલારાણીએ સુમતિથી બે શોક્યો વચ્ચે એક બાળકનો વિવાદ શમાવ્યો... તેથી

સુમતિ માતાને આવી માટે સુમતિ નામ થયું.

૬) **પદ્મપ્રભ** :- રક્ત પદ્મ જેવી જેની પ્રભા છે તેથી પદ્મપ્રભ. માતાને કમળની શય્યામાં સુવાનો દોહલો થયો તેથી પદ્મપ્રભ નામ પડ્યું.

૭) **સુપાર્શ્વ** :- સુ=સુંદર, પાર્શ્વ=પડખાં, પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતા સુંદર પડખાવાળી બની તેથી સુપાર્શ્વ નામ પાડ્યું.

૮) **ચંદ્રપ્રભ** :- માતાને ચંદ્રપાનનો દોહલો થયો.

૯) **સુવિધિ** :- ભગવાન ગર્ભમાં હતા ત્યારે તેમની માતા બધી વિધિઓમાં કુશળ બન્યા તેથી બીજાઓ એમ કહે છે કે પુષ્પદંત નામ છે. સુવિધિ વિશેષણ છે. મોગરાના ફૂલ જેવા દાંત છે તે પુષ્પદંત.

૧૦) **શીતલ** :- પ્રભુ ગર્ભમાં હતા ત્યારે પિતા - રાજાના શરીરે દાહ થયો. માતાએ પોતાના હાથનો સ્પર્શ કર્યો તો દાહ મટી ગયો. તેથી શીતલ નામ પડ્યું.

**૧૧) શ્રેયાંસ :-** શ્રેય=પ્રશંસનીય, અંશ=શરીરના અવયવો. માતાને કિંમતી શય્યા ઉપર આરૂઢ થવાનો દોહ્યલો થયો. કોઈ દેવતાના કારણે તે શય્યાપર આરુઢ થઈ શકાતુ ન હતું. પણ માતા આરુઢ થયા તો તે દેવતા ત્યાંથી ભાગી ગયો. તેથી શ્રેયાંસ નામ થયું. સેજ્જંસો=શય્યા પર સુતા એમ અર્થ થાય છે. સેજ્જંસો...

**૧૨) વાસુપૂજ્ય :-** વસુપૂજ્ય રાજાનો અપત્ય તે વાસુપૂજ્ય. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે આનંદથી પૂર્ણ મનવાળો ઈન્દ્ર=વાસવ. માતાની વસ્ત્ર આભૂષણોથી સતત પૂજા કરતો હતો તેથી વાસુપૂજ્ય નામ પડ્યું.

**૧૩) વિમલ :-** બે સ્ત્રી વચ્ચે એક પુત્રનો વિવાદ માતાએ વિમલ મતિથી છેદ્યો. (બાળક મોટો થશે તીર્થંકર ત્યારે તમારો વિવાદ ટાળશે. તો મૂળ માતા કહે મને મારો પુત્ર આપો.) તેથી ગર્ભસ્થપુત્રનો પ્રભાવ સમજી પુત્રનું વિમલ નામ રાખ્યું.

૧૪) **અનંત** :- ગર્ભમાં બાળક હતું ત્યારે માતાએ રત્ન જડેલો અનંત મોટો હાર જોયો તેથી પ્રભુનું નામ અનંત રાખ્યું.

૧૫) **ધર્મ** :- માતાને ધર્મમાં અધિક ઉત્સાહ થયો તેથી ધર્મનાથ નામ પડ્યું.

૧૬) **શાંતિ** :- ભગવાન જન્મતાં જ મારી-મરકી-ક્ષુદ્રદેવનો ઉપદ્રવ શાંત થયો તેથી શાંતિનાથ નામ પડ્યું.

૧૭) **કુંથુ** :- કુંથુ એટલે સ્તુપ સ્વપ્નમાં માતા ઘરનાં આંગણે આવેલા રત્નમય મહાન સ્તુપને જોઈ જાગી ગયા. તેથી કુંથુ નામ પડ્યું.

૧૮) **અર** :- એટલે આરો. ઉત્તમ રથ સાથે જોડાયેલો ચક્રનો આરો માતાજીએ જોયો.

૧૯) **મલ્લિ** :- માતાને શ્રેષ્ઠ - સુગંધી મલ્લિકા-પુષ્પમાળામાં શૈયામાં સુવાનો દોહદ મલ્લિકા-મલ્લિ ફૂલની જાતિ.

૨૦) **મુનિસુવ્રત** :- માતા શુભવ્રતો વાળા થયા તેથી.

૨૧) **નમિ** :- રાજાનું રાજય દુશ્મન રાજાઓએ ઘેરી લીધું કારણ કે તેને ત્યાં જન્મેલો બાળક પરાક્રમી તેજસ્વી છે તેમ જાણ્યું... તેથી ઈર્ષ્યા દ્વેષથી ચઢાઈ કરી - દુશ્મન રાજાઓએ નગર ઘેરી લીધું. કિલ્લા પરથી બાળકને દેખાડયું... તો બાળકના પ્રભાવથી બધા રાજાઓ દ્વેષભાવ છોડી વંદન કરવા લાગ્યા. દુશ્મન રાજાઓ નમ્યા તેથી નમિનાથ નામ પડ્યું.

૨૨) **નેમિ** :- શિવાદેવીએ સ્વપ્નમાં સંતોષજનક અને રિષ્ટ રત્ન મય નેમિને ચક્રધારાને ઊંચે જતો જોયો તેથી નેમિ એટલે ચક્રનામના શસ્ત્રની ધારા.

૨૩) **પાર્શ્વ** :- શય્યામાં બાજુમાં સાપ જોયો તેથી પાર્શ્વ. જ્ઞાનથી લોકોની પાર્શ્વ=નજીકમાં છે તેથી પાર્શ્વ નામ પડ્યું.

૨૪) **વર્ધમાન** :- ધનધાન્ય વધ્યા તેથી વીર=ઉપસર્ગ પરિષહથી ન ડર્યા તેથી વર્ધમાન નામ પડ્યું.

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ

**॥ૐ હ્રીં શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પરિપૂજીતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥**

**(૨૦ નવકારવાળી ગણવી)**

જેના સ્મરણથી જીવનના, સંકટ બધાં દૂરે ટળે,
જેના સ્મરણથી મનતણાં, વાંછિત સહુ આવી મળે;
જેના સ્મરણથી આધિ વ્યાધિ ને ઉપાધિ ના ટકે,
એવા શ્રી શંખેશ્વર પ્રભુનાં, ચરણમાં પ્રેમે નમું૦ ૧

વિઘ્નો તણાં વાદળ ભલે, ચોમેર ઘેરાઈ જતા,
આપત્તિના કંટક ભલે, ચોમેર વેરાઈ જતા;
વિશ્વાસ છે જસ નામથી, એ દૂર ફેંકાઈ જતા,
એવા શ્રી શંખેશ્વર પ્રભુનાં, ચરણમાં પ્રેમે નમું૦ ૨

ત્રણકાળમાં ત્રણ ભુવનમાં, વિખ્યાત મહિમા જેહનો,
અદ્‌ભૂત છે દેદાર જેહના, દર્શનીય આ દેહનો;
લાખો કરોડો સૂર્ય પણ ઝાંખા ઠરે,
એવા શ્રી શંખેશ્વર પ્રભુનાં, ચરણમાં પ્રેમે નમું૦ ૩

ધરણેન્દ્ર ને પદ્માવતી જેની સદા સેવા કરે,
ભક્તો તણા વાંછિત સઘળા, ભક્તિથી પૂરા કરે;
ઈન્દ્રો નરેન્દ્રો ને મુનીન્દ્રો, જાપ કરતાં જેહનો,
એવાશ્રી શ્રી શંખેશ્વર પ્રભુનાં, ચરણમાં પ્રેમે નમું૦૪

જેના પ્રભાવે જગતના જીવો બધા સુખ પામતા,
જેના ન્હવણથી યાદવોના રોગ દૂરે ભાગતા;
જેના ચરણના સ્પર્શને નિશદિન ભક્તો ઝંખતા,
એવા શ્રી શંખેશ્વર પ્રભુનાં, ચરણમા ંપ્રેમે નમું૦૫

## જ્ઞાનના ખમાસમણના પાંચ દુહા

સમકિત-શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન-પ્રકાશ;
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ.
ૐ હ્રીઁ શ્રી મતિજ્ઞાનાય નમઃ ઈચ્છામિ ખમાસમણો

પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ;
પૂજો બહુવિધ રાગથી, ચરણ-કમલ ચિત્ત આણ.
ૐ હ્રીઁ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ ઈચ્છામિ ખમાસમણો

ઉપન્યો અવધિ-જ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસમાંહે સો વાર.
ૐ હ્રીઁ શ્રી અવધિજ્ઞાનાય નમઃ ઈચ્છામિ ખમાસમણો

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ-વિરતિ ગુણઠાણ;
પ્રણમું હિતથી તેહના, ચરણ-કમલ ચિત્ત આણ.
ૐ હ્રીઁ શ્રી મનઃપર્યવજ્ઞાનાય નમઃ ઈચ્છામિ ખમાસમણો

કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ;
જ્ઞાન-પંચમી દિન પૂજીએ, વિજય-લક્ષ્મી શુભહેજ.
ૐ હ્રીઁ શ્રી કેવલજ્ઞાનાય નમઃ ઈચ્છામિ ખમાસમણો

# બાળકો માટેની મંગળ ધૂન

મેરે પ્રભુ પ્યારે હે, ચાંદ કે સિતારે હૈ,
સૂર્ય સે તેજસ્વી હૈ, સાગર જૈસે ગંભીર હૈ,
એસે મેરે પ્યારે પ્રભુ હૈ (૧)
મેરે ગુરૂ ત્યાગી હૈ, વો બડે વૈરાગી હૈ,
ગાંવ ગાંવ ઘુમતે હૈ, ધર્મ કા ઉપદેશ દેતે હૈ,
ધર્મલાભ સબકો કહતે હૈ (૨)
રાતકો ખાના મના હૈ, ઐસી ભગવાન કી આજ્ઞા હૈ,
ભગવાન કી આજ્ઞા માનતા હૈ, ઉનકો મોક્ષ મિલતા હૈ (૩)
ગૌતમસ્વામિગણધર થે, મહાવીર સ્વામિકે શિષ્ય થે,
બચ્ચોં કે વો પ્યારે થે, દિક્ષા જીનકો દેતે થે,
કેવલજ્ઞાન વો પાતે થે (૪)
નવકાર મહામંત્ર હૈ, સબકો વો આતા હૈ,
ચૌદ પૂર્વકા વો સાર હૈ, સબ પાપોં કા નાશ કરતા હૈ,
અડસઠ તીર્થ કા મન પાયા હૈ, (૫)
મેં મંદિર જાઉંગા, પ્રથમ નિસીહી કહુંગા,
ઘરકે વિચાર છોડુંગા, ભગવાન મેં મન લગાઉંગા,
ભગવાન કો જબ દેખુંગા, નમો જિણાણં બોલુંગા,
પ્રદક્ષિણા તીન દુંગા, ભગવાન કી સ્તુતિ કરુંગા, (૬)
દુસરી નિસીહી કહુંગા, પૂજા મેં મન લગાઉંગા,
અષ્ટપ્રકારી પૂજા કરુંગા, સિદ્ધશિલા પર વાસ માંગુગા,
તીસરી નિસીહી કહુંગા, ભાવપૂજા મેં મન લગાઉંગા,
ભાવ સે સ્તવન ગાઉંગા, ચરણોં કી સેવા માંગુગા. (૭)

VIRAL TRADERS, 079-26637370